RNI NO GUJ/GUJ/2005/23890

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI www.aaspassdaily.com

LEELA WORLD WIDE

લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ


● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૨ શ્રાવણ વદ - ૧૨ મંગળવાર તા.૦૮-૦૯-૨૦૨૬ અંક : ૨૧૧ વર્ષ : ૨૧ email :rajkot@aaspassindia.com કિંમત રૂ. ૨-૫૦ પાના - ૮



સત્યમેવ જયતે

ગુજરાત સરકાર



**શ્રી નરેન્દ્ર મોદી**

માનનીય વડાપ્રધાન

## NAMO 4VIKSIT BHARAT

@VADODARA



**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**

માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

## માનનીય વડાપ્રધાન
## શ્રી નરેન્દ્રભાઈ મોદીના
## વરદ હસ્તે વડોદરા ખાતે
## ₹ ૩૫,૨૦૦ કરોડથી વધુના

**જન-કલ્યાણકારી- બહુઉદ્દેશી વિકાસકાર્યોનું લોકાર્પણ તેમજ ખાતમુહૂર્ત**

**તારીખ : ૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ | સમય: સવારે ૧૦:૩૦ વાગે**

સ્થળ: મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પેવેલિયન ગ્રાઉન્ડ , વડોદરા

### માનનીય વડાપ્રધાનશ્રીને "સ્વચ્છતા થી સ્વાગત" થકી આવકારે છે ગુજરાત

**લોકાર્પણ**

વડોદરા-પૂર્વના ૧.૧૦ લાખ નાગરિકોને પીવાનું પાણી મળતાં આરોગ્ય અને જીવનધોરણ ઉન્નત બનશે

આજવા ખાતે ૧૫૦ એમએલડી ક્ષમતા ધરાવતા નવા જળ ઈન્ટેકથી ભવિષ્યની જરૂરિયાત પૂરી થશે

ખાનપુર સેવાસી ખાતે ૨૭૦ નવાં આવાસથી ઘરનું સ્વપ્ન થયુ સાકાર.

ભરુચ જિલ્લામાં જંબુસર-ટંકારી-દેવના રોડના પુનઃ બાંધકામથી માળખાગત સુવિધામાં વધારો થશે

મહીસાગર જિલ્લામાં કડાણા ડેમ પર ૧૧૦ મે.વો. ક્ષમતાના ફ્લોટિંગ સોલાર પ્રોજેક્ટથી ગ્રીન ગ્રોથને વધુ ગતિ મળશે

વડોદરાથી ટાંડા રોડ (મધ્ય પ્રદેશ) વચ્ચે નવી ટ્રેનની શરૂઆતથી કનેક્ટિવિટી વધશે

**ખાતમુહૂર્ત**

રિંગ રોડ ફેઝ-૨ અંતર્ગત ૧૭.૫૬ કિ.મી. રોડ બનશે, જેનાથી નાગરિકોની સફર વધુ સુવિધાજનક બનશે

વિશ્વામિત્રી નદી ઊંડી કરવાના કામનું ખાતમુહૂર્ત

મહાનગરપાલિકાના નવા વહીવટી ભવનથી નાગરિકોને જનસુવિધાઓ સરળતાથી મળશે

વડોદરા રેલવે સ્ટેશનનાં પ્લેટફોર્મ નં. ૭ પર બુલેટ ટ્રેન સ્ટેશનના થકી શહેરને મળશે હાઈ-સ્પીડ કનેક્ટીવિટી

આજવા સફારી પાર્ક અને કમાટી બાગમાં મગર આકારનો પુલ આપશે વડોદરાને નવી વૈશ્વિક ઓળખ.

**"વડોદરાનો આ સર્વાંગી વિકાસ એ માત્ર એક શહેરની પ્રગતિ નથી, પરંતુ તે ગુજરાતની ગતિ અને 'વિકસિત ભારત' ના ભવિષ્યની મજબૂત આધારશિલા છે."**

**હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત**

GUJARAT'S GROWTH
INDIA'S FUTURE.



# ગુજરાતમાં ગુણવત્તા અને પારદર્શકતાનો નવો યુગ: AI ટેકનોલોજી દ્વારા અનાજ ખરીદી તેમજ વિતરણની કાયાપલટ

## KMS-2025-26 ડાંગરની ખરીદી અંતર્ગત પાયલોટ પ્રોજેક્ટ તરીકે અમદાવાદ, મહિસાગર,આણંદ અને પંચમહાલ એમ ૦૪ જિલ્લાના ૧૦ ખરીદ કેન્દ્રો પર અમલ

અમદાવાદ,


ગુજરાતમાં મિનિમમ સપોર્ટ પ્રાઈસ - M.S.P. યોજના હેઠળ ઘઉં, ડાંગર, મકાઈ, જુવાર, બાજરી અને રાગીની ખરીદી સર્વેયિંગ-ગ્રેડીંગ એજન્સી ગ્રેડર મારફત કરવામાં આવે છે. અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી રમણભાઈ સોલંકીના માર્ગદર્શનમાં ખરીદી પ્રક્રિયામાં વધુને વધુ પારદર્શકતા લાવવા માટે Upjao AgrOech Pvt. Ltd.- ગાંધીનગર દ્વારા ખરિફ માર્કેટિંગ સીઝનમ- KMS:2025-26 ડાંગરની ખરીદી અંતર્ગત પાયલોટ પ્રોજેક્ટ તરીકે મહિસાગર, આણંદ, અમદાવાદ અને પંચમહાલ એમ ૪ જિલ્લાના ૧૦ ખરીદ કેન્દ્રો ખાતે ડાંગર -PADDY Samples ચેક કરવા માટે 10 AI-Based Grain Analyzer મુકવામાં આવ્યા હતા તેમ, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ, ગાંધીનગર દ્વારા જણાવાયું છે.

ટેકનોલોજી અને વ્યવસ્થા: આ પાયલોટ પ્રોજેક્ટ હેઠળ મહિસાગર જિલ્લામાં લુણાવાડામાં ૨૨૭૮, સંતરામપુરમાં ૧૨૪૬, આણંદના ખંભાતમાં ૨૬૬૩, બોરસદમાં ૮૮૪, અમદાવાદના ધોળકામાં ૧૦૦૦, બાવળામાં ૯૦૯, વિરમગામમાં ૧૦૭૮ તેમજ સાણંદમાં ૧૨૮૮ અને પંચમહાલ જિલ્લાના ગોધરામાં ૯૮૬,શહેરામાં ૧૦૦૨ મળીને એકંદરે કુલ ૧૩,૩૩૪ નોંધણી થઈ છે.

આ પ્રક્રિયા હેઠળ ૧૦ ખરીદ કેન્દ્ર પર AI Grain Analyzer દ્વારા કુલ ૬,૧૯૧ સેમ્પલ્સનું પૃથ્થકરણ કરવામાં આવ્યું છે.જેમાં 3,379 (54.6%) Grade-A (GA), 2,812 (45.4%) Common (CM) મળ્યા અને ૩૪૧ રિજેક્ટ થયા. જ્યારે ધોળકા ખાતે સૌથી વધુ ૨૪% અને વિરમગામ ખાતે ૦ % રિજેક્શન નોંધાયું હતું. આ છૈં મશીન દ્વારા Foreign Matter, Damaged/Discoloured Grains, Immature/Shrunken Grains, Admixture અને Moisture નું ચોક્કસ ચેકિંગ થાય છે, જેના માટે સતત વીજળી અને સેન્ટર દીઠ એક વ્યક્તિની જરૂર રહે છે. જ્યારે સામે પક્ષે નિગમની હાલની થર્ડ પાર્ટી પદ્ધતિમાં બે વ્યક્તિઓ વીજળી વગર પણ જરૂરી વૈજ્ઞાનિક સાધનો વડે સેમ્પલિંગ-ગ્રેડિંગ કરે છે.

ગુણવત્તા અને FSSAI કરતાં કડક ધારાધોરણો: ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ દ્વારા વિવિધ જણસીઓ જેવી કે ઘઉં, ચોખા, ડાંગર, બાજરા, જુવાર, રાગી, તુવેરદાળ, ચણા, સિંગતેલ, ડબલ ફોર્ટીફાઈડ મીઠું અને વ્હાઈટ સુગર (M-30) નું ખરીદ-વિતરણ થાય છે.

# મુખ્યમંત્રીએ મુંબઈ ખાતે વાઈબ્રન્ટ ગુજરાત સમિટને અનુલક્ષીને ઉદ્યોગ જગતના વિવિધ ઉદ્યોગપતિઓ સાથે બેઠક કરી



મુખ્યમંત્રીએ મુંબઈ ખાતે વાઈબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૨૭ ને અનુલક્ષીને ઉદ્યોગ જગતના વિવિધ ઉદ્યોગપતિઓ સાથે વન ટુ વન બેઠક કરી હતી.મુખ્યમંત્રી સૌને વાઈબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૨૭ માં ભાગીદાર બનવા આહવાન કર્યું હતું.

### ગુજરાતમાં ઈલેક્ટ્રિક વાહનોની તકો માટે ફળદાયી ચર્ચા થઈ: આનંદ મહિન્દ્રા

મહિન્દ્રા ગ્રુપના ઉદ્યોગપતિશ્રી આનંદ મહિન્દ્રાએ પોતાના અનુભવ શેર કરતા જણાવ્યું કે, ગુજરાતમાં રોકાણ અંગે પ્રથમવાર આ જ રૂમમાં તે સમયના ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે મિટિંગ થઈ હતી, ત્યારે તેમની દુરંદેશી જોઈને હું પ્રભાવિત થયો હતો. આજે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાથે ચર્ચા કરી ખૂબ જ ખુશી અનુભવું છું અને ગુજરાતમાં રોકાણ અંગે ભવિષ્યના પ્લાન અંગે આત્મીય સંવાદ કર્યો હતો. જેમાં ગુજરાતમાં ઈફ (ઇલેક્ટ્રિક વાહનો) અને GIFT સિટી ક્ષેત્રે તકોની શોધ કરવા અંગે મહિન્દ્રા ગ્રુપ સાથે ફળદાયી ચર્ચાઓ કરવામાં આવી. રોકાણ, સહયોગ અને વિકાસ માટેના નવા માર્ગો તપાસવામાં આવ્યા, જેનાથી અગ્રણી રોકાણ સ્થળ તરીકે ગુજરાતનું સ્થાન વધુ મજબૂત બન્યું છે.

### ગુજરાતની શિપિંગ પોલિસી ખૂબ જ સરાહનીય: નિખિલ મર્ચન્ટ

સ્વાન કોર્પોરેશનના એમડી શ્રી નિખિલ મર્ચન્ટે ગુજરાતમાં પોતાની કામગીરીના વિસ્તરણ અને આધુનિકીકરણની યોજનાઓ અંગે 'સ્વાન એનર્જી' (Swan Energy) સાથે ફળદાયી ચર્ચાઓ થઈ હોવાનું જણાવ્યું હતું. વધુમાં તેમણે કહ્યું કે, મુખ્યમંત્રીશ્રી સાથે કંપનીના વિકસતા જતા આંતરરાષ્ટ્રીય વ્યવસાયને ટેકો આપવા માટે બહેતર કનેક્ટિવિટી અને નજીકના એરપોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂરિયાત અંગે પણ ચર્ચા કરવામાં આવી. ગુજરાતની શિપિંગ પોલિસી ખૂબ જ સરાહનીય છે. ગુજરાત ઉદ્યોગ આધારિત વિકાસ અને રોકાણને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે.

### રાજ્યના મજબૂત ટેક્સટાઈલ ઈકોસિસ્ટમ દ્વારા નવા રોકાણ અને વિસ્તરણ કરાશે: દીપાલી ગોએન્કા

વેલ્સપન ઈન્ડિયા લિ. ના સીઈઓ દીપાલી ગોએન્કા એ પોતાનો પ્રતિભાવ આપતા જણાવ્યું કે, વૈશ્વિક કાપડ ક્ષેત્રે ગુજરાતના નેતૃત્વને વધુ મજબૂત બનાવવા અંગે વેલ્સપન ગ્રુપ સાથે ફળદાયી ચર્ચાઓ થઈ હતી. રાજ્યના મજબૂત ટેક્સટાઈલ ઈકોસિસ્ટમ અને ઉદ્યોગ તરફી નીતિઓનો લાભ લઈને વિકાસ, નિકાસ અને રોજગારીને વેગ આપવા માટે ગુજરાતમાં નવા રોકાણ અને વિસ્તરણની તકો વિશે વિચારણા કરવામાં આવી હતી.

### ડિસેમ્બરમાં કોપર રિસાયક્લિંગ પ્લાન્ટનું ઉદ્ઘાટન કરવાની પણ ચર્ચા થઈ: સતિષ પાઈ

હિન્ડાલ્કો કંપનીના એમડી શ્રી સતિષ પાઈએ જણાવ્યું કે, ગુજરાતના ઔદ્યોગિક અને ઉત્પાદન ઈકોસિસ્ટમમાં વિપુલ તકો છે, જેમાં કોપર રિસાયક્લિંગ, ઇ-વેસ્ટ મેનેજમેન્ટ અને સર્ક્યુલર ઈકોનોમી પહેલનો સમાવેશ થાય છે, તેની ચર્ચા કરવા માટે હિન્ડાલ્કોના નેતૃત્વ સાથે રચનાત્મક બેઠક યોજાઈ હતી. ડિસેમ્બરમાં કોપર રિસાયક્લિંગ પ્લાન્ટનું ઉદ્ઘાટન કરવાની પણ ચર્ચા થઈ હતી. સંભવિત રોકાણો, ટકાઉ ઔદ્યોગિક પદ્ધતિઓ અને અગ્રણી કોપર ડેસ્ટિનેશન તરીકે ગુજરાતની સ્થિતિને મજબૂત બનાવવાના માર્ગો પર પણ ચર્ચા થઈ હતી.

### કંપની ગુજરાતમાં ૨૫ મિલિયન ટનની ક્ષમતા ધરાવતો વિશ્વનો સૌથી મોટો સ્ટીલ પ્લાન્ટ વિકસાવશે: અમિત હરલાલકા

AMNSના સીઈઓ શ્રી અમિત હરલાલકા એ જણાવ્યું કે, ગુજરાતમાં AMNS ઈન્ડિયાની મહત્વાકાંક્ષી રોકાણ યોજનાઓ અંગે મુખ્યમંત્રીશ્રી સાથે ફળદાયી બેઠક યોજાઈ હતી. કંપની જૂન સુધીમાં રૂ. ૮૦,૦૦૦ કરોડનું રોકાણ પૂર્ણ કરવાની દિશામાં આગળ વધી રહી છે, તેમજ હજીરા ખાતે મુખ્યત્વે પુનઃપ્રાપ્ય ઊર્જા અને બેટરી સ્ટોરેજ ક્ષેત્રે વધારાના રૂ. ૧૦,૦૦૦ કરોડનું રોકાણ કરવાની યોજના ધરાવે છે. કંપનીએ ગુજરાતમાં ૨૫ મિલિયન ટનની ક્ષમતા ધરાવતો વિશ્વનો સૌથી મોટો સ્ટીલ પ્લાન્ટ વિકસાવવાના પોતાના વિઝન વિશે પણ માહિતી આપી હતી.

# અમદાવાદમાં દીકરીને મારી નાખવાની ધમકી આપી પરિણીતા ઉપર દુષ્કર્મનો આરોપ : પાડોશી સામે ફરિયાદ

## આરોપીએ ઘટનાના સમયે તેની અંગત તસવીરો પણ પોતાના મોબાઈલમાં લઈ લીધી

અમદાવાદ,

શહેરના ઈસનપુર વિસ્તારમાં પરિણીતાને ધમકી આપી તેનું શારીરિક શોષણ કરવામાં આવ્યું હોવાનો ગંભીર આરોપ સામે આવ્યો છે. મહિલાની ફરિયાદના આધારે તેના પિયરના પાડોશમાં ભાડે રહેતા મિસ્ટુકુમાર સિંહા નામના શખ્સ સામે પોલીસે ગુનો નોંધ્યો છે. ફરિયાદ મુજબ, આરોપીએ મહિલાની બે વર્ષની દીકરીને જાનથી મારી નાખવાની ધમકી આપીને તેની સાથે દુષ્કર્મ કર્યું હતું.

મહિલાનો આક્ષેપ છે કે આરોપીએ ઘટનાના સમયે તેની અંગત તસવીરો પણ પોતાના મોબાઈલમાં લઈ લીધી હતી. ત્યારબાદ આ તસવીરો તેના પતિ અને સાસરિયાઓને મોકલી દેવાની ધમકી આપીને તેને સતત બ્લેકમેલ કરવામાં આવતી હતી. મહિલાએ પરિવારને સમગ્ર વાત જણાવ્યા બાદ ઈસનપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, આશરે ત્રણ વર્ષ પહેલાં મહિલાના સાસરીના ઘરમાં રિનોવેશનનું કામ ચાલી રહ્યું હોવાથી તે પોતાના પિયરમાં રહેવા આવી હતી. આ દરમિયાન તેની ઓળખ પાડોશમાં રહેતા મિસ્ટુકુમાર સાથે થઈ હતી. એક પ્રસંગે મિસ્ટુકુમાર મહિલાની નાની દીકરીને રમાડવા માટે પોતાની સાથે લઈ ગયો હતો. લાંબો સમય બાળકીને પરત ન લાવતા મહિલા તેને લેવા માટે આરોપીના ઘરે ગઈ હતી. મહિલાના આક્ષેપ મુજબ, ઘરમાં એકલતાનો લાભ લઈને આરોપીએ તેની બે વર્ષની દીકરીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને ત્યારબાદ તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું.

ફરિયાદમાં મહિલાએ વધુમાં જણાવ્યું છે કે આ ઘટનાના સમયે આરોપીએ તેની કેટલીક અંગત તસવીરો મોબાઈલમાં લઈ લીધી હતી. ત્યારબાદ આ તસવીરો તેના પતિ અને સાસરિયાઓને મોકલી દેવાની ધમકી આપીને તેને બ્લેકમેલ કરવામાં આવતી હતી. મહિલાનો આરોપ છે કે ધમકી અને બ્લેકમેલિંગના કારણે આરોપી તેને અવારનવાર હોટેલમાં લઈ જતો અને તેનું શારીરિક શોષણ કરતો હતો.

# અમદાવાદના એસએચઆર નેચરલ સ્પા સેન્ટરમાંથી ૬.૩૮ લાખનું એમડી ડ્રગ્સ ઝડપાયું

## રેકેટમાં અન્ય એક સ્પાના સંચાલકની સંડોવણી પણ સામે આવી

અમદાવાદ,

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ઓઢવ વિસ્તારમાં આવેલા એક સ્પામાં દરોડો પાડીને સ્પાની આડમાં ચાલી રહેલા ડ્રગ્સના કાળા કારોબારનો ખુલાસો કર્યો છે. પોલીસે દરોડા દરમિયાન રૂ. ૬.૩૮ લાખની કિંમતનું એમડી ડ્રગ્સ જપ્ત કરીને એક આરોપીની અટકાયત કરી છે. આ રેકેટમાં અન્ય એક સ્પાના સંચાલકની સંડોવણી પણ સામે આવી છે, જે હાલ ફરાર હોય પોલીસે તેની શોધખોળ હાથ ધરી છે.

પોલીસના હાથે ઝડપાયેલા આરોપીનું નામ પીરા રામ ચૌધરી છે, જે મૂળ રાજસ્થાનનો રહેવાસી છે અને ઓઢવ ખાતે 'એસ.એચ.આર. નેચરલ સ્પા' ચલાવતો હતો. તપાસમાં સામે આવ્યું છે કે આ સ્પા તેના ભાગીદાર રામસ્વરૂપના નામે હતું, જે એક મહિના પહેલાં જ પીરા રામના રૂ. ૩ લાખ લઈને ભાગી ગયો હતો. અગાઉ તમિલનાડુમાં ઈલેક્ટ્રિકની દુકાનમાં નોકરી કરતો પીરા રામ ઝડપી પૈસા કમાવાની લાલચમાં ડ્રગ્સના નેટવર્કમાં ધકેલાયો હતો.

આ સમગ્ર કાળા કારોબારમાં 'લક સ્પા' ચલાવતા રમેશ માળી નામના અન્ય એક આરોપીની મુખ્ય ભૂમિકા સામે આવી છે. રમેશ માળી પોતે ડ્રગ્સનું સેવન કરતો હતો અને તેનું છૂટક વેચાણ પણ કરતો હતો. શરૂઆતમાં જો પીરા રામના સ્પામાં કોઈ ગ્રાહક ડ્રગ્સની માંગણી કરતો, તો તે ગ્રાહકની મુલાકાત રમેશ સાથે કરાવી આપતો હતો અને તેના બદલામાં પ્રતિ ડીલ રૂ. ૨૦૦ કમિશન મેળવતો હતો.

# પરિણીતાને બદનામ કરવા ૧૦-૨૦ની નોટો પર બિભત્સ ચિઠ્ઠીઓ લગાવીને ફેંકનાર સાયકોને પોલીસે ઝડપી પાડ્યો

## ઓઢવ વિસ્તારમાં રહેતી એક પરિણીતાને છેલ્લા કેટલાક સમયથી અજાણ્યા નંબર પરથી સતત ફોન આવ્યા કરતા હતા અને તેની પાસેથી અભદ્ર માગણીઓ કરવામાં આવતી હતી

અમદાવાદ,

એકતરફી પ્રેમમાં અંધ બનીને એક પરિણીતાને બદનામ કરનાર વ્યક્તિને આખરે પોલીસે ઝડપી પાડ્યો છે. શહેરના ઓઢવ વિસ્તારમાં રહેતી એક પરિણીતાને છેલ્લા કેટલાક સમયથી અજાણ્યા નંબર પરથી સતત ફોન આવ્યા કરતા હતા અને તેની પાસેથી અભદ્ર માગણીઓ કરવામાં આવતી હતી. અજાણ્યા નંબર પરથી આવા સતત ફોન આવતા મહિલાના દામ્પત્યજીવન પર પણ મોટી અસર પડી હતી. આખરે કંટાળેલી મહિલાએ પોલીસનો આશરો લીધો.

પોલીસે મહિલાની ફરિયાદના આધારે તપાસ કરતા ચોંકાવનારી વિગતો સામે આવી હતી. પોલીસની તપાસ દરમિયાન ખૂલ્યું કે, રવિન્દ્ર ભૂરાલાલ પંચાલ નામનો એક શખ્સ ૧૦, ૨૦, ૫૦ રૂપિયાની ચલણી નોટો રસ્તા પર ફેંકતો હતો અને આ નોટોની સાથે એક એવી ચિઠ્ઠી ફેંકતો હતો જે વાંચીને પોલીસ પણ હેરાન રહી ગઈ. પોલીસના કહેવા મુજબ આ સાયકો લવર રવિન્દ્ર ભૂરાલાલ પંચાલ આ ચિઠ્ઠીઓમાં મહિલાનું નામ, સરનામું અને મોબાઈલ નંબર લખતો હતો.

આ મામલે પોલીસના જણાવ્યા મુજબ, શરૂઆતમાં આ સાયકો લવર રવિન્દ્ર રસ્તા પર માત્ર ચિઠ્ઠીઓ જ ફેંકતો હતો, જો કે માત્ર ચિઠ્ઠીઓ તરફ લોકોનું ધ્યાન નહીં જતા તેણે ચિઠ્ઠીઓની સાથે સાથે ૧૦, ૨૦ અને ૫૦ રૂપિયાની ચલણી નોટો પણ ફેંકવાનું શરૂ કર્યું હતું. જ્યારે કોઈ વ્યક્તિ આ નોટ ઉઠાવતો ત્યારે તેને ચિઠ્ઠી પણ મળતી હતી. આ ચિઠ્ઠીમાં મહિલાના ઘરનું સરનામું, મોબાઈલ નંબર સહિતની વિગતો રહેતી હતી. આવી જ ચિઠ્ઠી એક વ્યક્તિના હાથે લાગી, તો તેણે મહિલાને ફોન કરીને તમામ વિગતો જણાવી હતી. મહિલાએ પણ પોતાના પતિને સમગ્ર હકીકત જણાવી ત્યારે મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો.

પોલીસની તપાસમાં એવું ખૂલ્યું કે, ઓઢવ એસપી રિંગ રોડ પર આવેલા જાનવી આર્કેટના પાર્કિંગમાંથી એક શખ્સને આ ચિઠ્ઠી મળી હતી. પોલીસે જાનવી આર્કેડ તથા આસપાસના વિસ્તારોના આશરે ૧૦૦ જેટલા ઝઝ્રફ કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા. ઝીણવટપૂર્વકની તપાસ બાદ પોલીસને ઝઝ્રફ ફૂટેજમાં એક અજાણ્યો શખ્સ એક્ટિવા પર આવી પાર્કિંગ વિસ્તારમાં ચિઠ્ઠી મુકતો હોવાનું જોવા મળ્યું. ત્યારબાદ પોલીસે આસપાસના ઝઝ્રફ ફૂટેજને આધારે તપાસ આગળ વધારી હતી અને આખરે સાયકો લવર રવિન્દ્ર પંચાલનો ભાંડો ફૂટી ગયો હતો.

# સિદ્ધાર્થ બોડકે, IIS (૨૦૦૮ બેચ) એ એડિશનલ ડાયરેક્ટર જનરલ, PIB અમદાવાદ તરીકે પદભાર સંભાળ્યો

## સિદ્ધાર્થ બોડકે, ઈન્ડિયન ઈન્ફોર્મેશન સર્વિસ (IIS), ૨૦૦૮ બેચ, આજે પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો (PIB), અમદાવાદના એડિશનલ ડાયરેક્ટર જનરલ (ADG) તરીકે જોડાયા

અમદાવાદ,

બોડકે ઈન્ડિયન ઈન્ફોર્મેશન સર્વિસમાં તેમની કારકિર્દી દરમિયાન જાહેર સંચાર અને મીડિયા સંબંધિત કામગીરીમાં વ્યાપક અનુભવ ધરાવે છે. PIB અમદાવાદમાં જોડાતા પહેલા, તેમણે દૂરદર્શન કેન્દ્ર (DDK), મુંબઈ, PIB, દિલ્હી અને DD ન્યૂઝ, દિલ્હી ખાતે સેવા આપી હતી જ્યાં તેઓ બ્રોડકાસ્ટિંગ, મીડિયા મેનેજમેન્ટ અને જાહેર સંચારના વિવિધ પાસાઓ સાથે સંકળાયેલા હતા.





અપર મહાનિદેશક, પીઆઈબી અમદાવાદ તરીકેનો પદભાર સંભાળતા, બોડકેએ સરકારની નીતિઓ, કાર્યક્રમો અને પહેલો વિશે સમયસર, સચોટ અને વિશ્વસનીય માહિતીનું પ્રસારણ સુનિશ્ચિત કરવા માટે સરકાર, મીડિયા અને લોકો વચ્ચેના સંચારને મજબૂત બનાવવાના મહત્વ પર ભાર મુક્યો હતો.

તેમણે વ્યાવસાયિકતા અને જાહેર સેવાના સર્વોચ્ચ ધોરણો જાળવી રાખીને, ઉભરતા સંચાર પ્લેટફોર્મ્સનો લાભ લેવાની અને સમાજના વિવિધ વર્ગો સુધી પહોંચ વધારવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. PIB અમદાવાદની ટીમે શ્રી બોડકેનું સ્વાગત કર્યું હતું અને ગુજરાત અને નજીકના વિસ્તારમાં બ્યુરોની મીડિયા પહોંચ અને સંચાર પ્રયાસોને વધુ વધારવા માટે તેમના નેતૃત્વ હેઠળ કામ કરવાની પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

# ચૈતર વસાવાને મળી રાહત, હાઈકોર્ટે મંજૂર કર્યા વચગાળાના શરતી જામીન



અમદાવાદ,

આપ ધારાસભ્ય ચૈતર વસાવાને ગુજરાત હાઈકોર્ટે રાહત આપી છે. જેને પગલે હવે તેઓ વિધાનસભા સત્રમાં હાજરી આપી શકશે. ચેતર વસાવાએ ચોમાસુ સત્રમાં હાજર રહેવા માટે હાઈકોર્ટમાં અરજી કરી હતી. જેને ધ્યાનમાં રાખતા હાઈકોર્ટે ૭ દિવસના શરતી જામીન મંજૂર કર્યા છે.

નર્મદા પોલીસે જમીન બાબતે ફોરેસ્ટ વિભાગના ઓફિસરને ઘરે બોલાવીને માર મારવા, ધમકાવવા અને હવામાં ગોળીબાર સંદભે આઈપીસીની કલમ ૧૪૩, ૧૪૧, ૧૪૯, ૧૮૬, ૨૯૪, ૩૫૩, ૩૮૬ અને આર્મ્સ એકટની કલમ ૨૫ વગેરે મુજબ ગુનો નોંધ્યો હતો. આ કેસમાં નર્મદાની કોર્ટે ચૈતર વસાવા અને તેમના પત્ની શકુંતલા વસાવા સહિત કુલ ૯ આરોપીને ૭ વર્ષની કેદની સજા ફટકારી હતી. ત્યાર બાદ ૨૩ જૂન, ૨૦૨૬ના રોજ વડોદરા સેન્ટ્રલ જેલમાં મોકલવામાં આવ્યા હતા. આમ ચૈતર વસાવા છેલ્લા બે મહિનાથી જેલમાં બંધ છે.

૨૪ ઓગસ્ટના રોજ હાઈકોર્ટે ચૈતર વસવાની જામીન અરજી ફગાવી દીધી હતી. કોર્ટે તે વખતે એવું કહ્યું હતું કે અગાઉ જામીન શરતોન નિયમોનો ભંગ ન કરવાની શરતે છોડ્યા હતા, છતાં ગુનામાં સંડોવાયા. લોકોમા એવી ગેરસમજ ઊભી થાય છે કે સત્તામાં હોય તેવા લોકો છૂટી જાય છે.

# મહેસાણામાં રેલવે સ્ટેશન વિસ્તારમાંથી લાખોના એમડી ડ્રગ્સ સાથે બે શખ્સની ધરપકડ

## એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સે રૂા. ૬.૧૪ લાખથી વધુની કિંમતનો ૨૦૪.૮૬ ગ્રામ એમડી ડ્રગ્સનો જથ્થો કબજે કર્યા

મહેસાણા,

શહેરના રેલવે સ્ટેશન વિસ્તારમાંથી નશાની હેરાફેરીનો પર્દાફાશ થયો છે. એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સે બાતમીના આધારે રૂપિયા ૬ લાખ ૧૪ હજારથી વધુની કિંમતનો ૨૦૪.૮૬ ગ્રામ એમડી ડ્રગ્સનો જથ્થો ઝડપી પાડ્યો છે. અમદાવાદ ઝોન અને ગાંધીનગર ઝોનની બંને ટીમો દ્વારા સાથે મળીને આ સંયુક્ત કાર્યવાહી કરવામાં આવી હતી.

પોલીસ વિભાગ તરફથી આવેલા સત્તાવાર નિવેદન મુજબ, પોલીસને બાતમી મળી હતી કે, મહેસાણાના રેલવે સ્ટેશન વિસ્તારમાં એમડી ડ્રગ્સની હેરાફેરી થઈ રહી છે. બાતમી મળતા જ રેલવે સ્ટેશન વિસ્તારમાં પોલીસ દ્વારા સઘન સર્વેલન્સ અને પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. દરમિયાન મળેલી વિશ્વાસનીય બાતમીના આધારે શંકાસ્પદ ઈસમોની હિલચાલ પર નજર રાખીને કાર્યવાહી કરવામાં આવી હતી.

પોલીસની ટીમે ગેરકાયદેસર રીતે એમડી ડ્રગ્સની હેરાફેરી કરતા બે આરોપીઓને ઝડપી પાડીને એનડીપીએસ એક્ટ હેઠળ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. એક આરોપીનું નામ ભીખારામ દીપારામ સિહોલ (બિશ્નોઈ) છે, જ્યારે બીજા આરોપીનું નામ સૂરજ માંગુસિંગ રાજપૂરોહિત છે.

# અમદાવાદમાં ડમ્પરે એક્ટિવાને અડફેટે લેતા માતાની નજર સામે ૧૨ વર્ષની બાળકીનું મોત

### પોલીસે ડમ્પર ચાલકની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી



અમદાવાદ,

અમદાવાદ શહેરના થલતેજ વિસ્તારમાં એક હૃદયદ્રાવક અકસ્માતમાં સ્કૂલેથી ઘરે પરત ફરી રહેલી ૧૨ વર્ષની બાળકીનું મોત થયું છે. બાળકી તેની માતા સાથે એક્ટિવા પર જઈ રહી હતી ત્યારે ડમ્પરે એક્ટિવાને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો ગંભીર હતો કે માતાની નજર સામે જ બાળકીનું મોત નીપજ્યું હતું. સદનસીબે બાળકીની માતાને કોઈ ઈજા થઈ નહોતી

મળતી માહિતી મુજબ, ૧૨ વર્ષની આરાધ્યા બારોટ સ્કૂલેથી છૂટ્યા બાદ પોતાની માતા સાથે એક્ટિવા પર ઘરે જઈ રહી હતી. દરમિયાન થલતેજ વિસ્તારમાં જીજે ૨૪ એક્સ ૫૧૩૦ નંબરના ડમ્પર સાથે એક્ટિવાની ટક્કર થઈ હતી. અકસ્મતમાં આરાધ્યાને ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. પોતાની આંખો સામે દીકરીને અકસ્માતમાં ગુમાવતાં માતા માટે ઘટનાની ક્ષણ અત્યંત આઘાતજનક બની હતી. અકસ્માતમાં માતાને કોઈ ઈજા થઈ નથી. અકસ્માતમાં સામેલ ડમ્પર અંગે એવી માહિતી સામે આવી છે કે જીજે ૨૪ એકસ ૫૧૩૦ નંબરના આ ડમ્પર અગાઉ પણ એક અકસ્માતમાં સામેલ રહ્યું હતું, જેમાં બે લોકોના જીવ ગયા હતા.

# ઈરાન સામે યુદ્ધ જીતી તેલ સસ્તું કરવાનો ટ્રમ્પનો દાવો

## યુદ્ધ જીત્યા પછી ગેસના ભાવ ઘટીને ત્રણ ડોલર પ્રતિ ગેલન આવી શકે છે, અમેરિકા કોઈપણ ભોગે ઈરાનને પરમાણુ શસ્ત્રો પ્રાપ્ત કરવા દેશે નહીં



વોશિંગટન,

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વૈશ્વિક અર્થવ્યવસ્થા અને ઉર્જા બજારને લઈને એક મોટો દાવો કર્યો છે. તેમણે જણાવ્યું છે કે ઈરાન સાથેના સંભવિત યુદ્ધમાં વિજય મેળવ્યા બાદ વૈશ્વિક સ્તરે તેલ અને ગેસના ભાવમાં ભારે ઘટાડો જોવા મળશે. પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર વાત કરતા ટ્રમ્પે દાવો કર્યો હતો કે યુદ્ધ જીત્યા પછી ગેસના ભાવ ઘટીને ત્રણ ડોલર પ્રતિ ગેલન અને ભવિષ્યમાં બે ડોલર પ્રતિ ગેલનથી પણ નીચે આવી શકે છે. આ સાથે તેમણે સ્પષ્ટ કર્યું હતું કે અમેરિકા કોઈપણ ભોગે ઈરાનને પરમાણુ શસ્ત્રો પ્રાપ્ત કરવા દેશે નહી.

અમેરિકી સંરક્ષણ વિભાગ અને યુએસ સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM) દ્વારા ઈરાન વિરુદ્ધ કડક વલણ અપનાવવામાં આવ્યું છે. યુએસ સચિવ પીટ હેગસેથે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે જો ઈરાની સેના દ્વારા અમેરિકી જહાજો પર હુમલો કરવામાં આવશે, તો યુએસ દળો ઈરાનના તમામ તેલ ટેન્કરોનો સંપૂર્ણ નાશ કરી દેશે. સેન્ટકોમ દ્વારા તાજેતરમાં જ ત્રણ ઈરાની ક્રૂડ ઓઈલ ટેન્કરો પર કરવામાં આવેલા હુમલાનો વીડિયો પણ જાહેર કરવામાં આવ્યો હતો.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ ટેન્કરો એક મોટા નાણાકીય નેટવર્ક સાથે જોડાયેલા હતા, જેમાંથી મળતી આવકનો ઉપયોગ ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ અને તેના પ્રાદેશિક સહયોગીઓને ફંડ પૂરું પાડવા માટે થતો હતો.

સેન્ટકોમના કમાન્ડર એડમિરલ બ્રેડ કૂપરે જણાવ્યું હતું કે અમેરિકી જહાજોને નુકસાન પહોંચાડવાના કોઈપણ પ્રયાસથી ઈરાનના તેલ પુરવઠાને મોટું આર્થિક નુકસાન વેઠવું પડશે.આ તણાવપૂર્ણ સ્થિતિ વચ્ચે તુર્કીના રાષ્ટ્રપતિ રેચેપ તૈયપ એર્દોગને ઈઝરાયલ પર ગંભીર આરોપો મૂક્યા છે. એર્દોગનના જણાવ્યા મુજબ, ઈઝરાયલ અમેરિકા અને ઈરાન વચ્ચેના શાંતિપૂર્ણ કરારોને તોડફોડ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. એક તરફ ટ્રમ્પ યુદ્ધ જીતીને ઉર્જા બજારને પોતાના નિયંત્રણમાં લાવવાની વાત કરી રહ્યા છે, તો બીજી તરફ ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુ ઈરાની શાસનનો કાયમ માટે અંત લાવવાના પોતાના લક્ષ્ય પર અડગ છે. આ તમામ ઘટનાક્રમને કારણે મધ્યપૂર્વમાં ભય અને અનિશ્ચિતતાનો માહોલ છવાયો છે.

### ઈરાને અમેરિકાને લીધા આડે હાથ

ડોનાલ્ડ ટ્રમ્પના આ નિવેદનની પ્રતિક્રિયા આપતા ઈરાને અમેરિકાને આડે હાથ લીધી છે. ઈરાની સંસદના સ્પીકર મોહમ્મદ બાકર ગાલિબાફે ચેતવણી આપી છે કે જો અમેરિકા દ્વારા ઈરાનની ઉર્જા સુવિધાઓ અથવા તેલ ટેન્કરોને નિશાન બનાવવામાં આવશે, તો ઈરાન પણ એટલી જ આક્રમકતાથી વળતો પ્રહાર કરશે. ઈરાને યાદ અપાવ્યું છે કે તેની તેલ અને ગેસ ઉત્પાદન પ્રણાલી ખૂબ જ મજબૂત છે અને અગાઉ પણ તેના વળતા પ્રહારના પરિણામો દુનિયાએ જોયા છે.

# પેરિસમાં BAPSના કાર્યક્રમ બાદ વિવાદ મહિલા સ્ટાફને હટાવાતા થયેલો વિરોધ

પેરિસ,

વિશ્વની સૌથી જાણીતી ધરોહરોમાં સામેલ ફ્રાન્સના પેરિસ સ્થિત એફિલ ટાવર પર અચાનક વિરોધ પ્રદર્શન શરૂ થતાં તેને અસ્થાયી રૂપે બંધ રાખવાની ફરજ પડી હતી. શનિવારે હિન્દુ ધાર્મિક સંગઠન મ્હૅજી સાથે જોડાયેલા આશરે ૧૦૦ લોકોના પ્રતિનિધિમંડળની ખાનગી મુલાકાત દરમિયાન મહિલા કર્મચારીઓને તેમના કામના સ્થળેથી હટાવી દેવામાં આવી હોવાના ગંભીર આક્ષેપો બાદ પગલે સ્ટાફમાં ભારે રોષ ફેલાયો છે. આ મામલે હવે ફ્રાન્સના નેતાઓ પણ મેદાને આવ્યા છે.

યુનિયનના પ્રતિનિધિઓના જણાવ્યા અનુસાર, જ્યારે મ્હૅજીના સંતો તથા કાર્યકરો ત્યાંથી પસાર થઈ રહ્યા હતા.

### પેરિસના મેયરે આપ્યા તપાસના આદેશ

પેરિસના મેયર ઈમેન્યુઅલ ગ્રેગોઈરે એફિલ ટાવર ખાતે થયેલા વિરોધ પ્રદર્શન પાછળના આરોપોની તપાસના આદેશ આપી દીધા છે. તેમણે જણાવ્યું હતું કે કામદારોની ચિંતાઓ સંપૂર્ણપણે વ્યાજબી છે અને તેના પર તાત્કાલિક ધ્યાન આપવું જરૂરી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે લિંગના ભેદભાવ વિના દરેક વ્યક્તિ મુક્તપણે કામ કરવા અને હરવા-ફરવા માટે સક્ષમ હોવી જોઈએ. પેરિસમાં દરેક જગ્યાએ, જેમાં તેના સૌથી આઈકોનિક સ્થળો પણ સામેલ છે, સ્ત્રી અને પુરુષ વચ્ચે સમાનતા જળવાવી જ જોઈએ.

# ગુજરાતમાં ભાદરવામાં મેઘરાજાની નવી સિસ્ટમ સક્રિય થવાની શક્યતા

## ૧૨થી ૧૫ સપ્ટેમ્બર રાજ્યના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ પડવાની હવામાન વિભાગની આગાહી

અમદાવાદ,

ગુજરાતમાં હાલ વરસાદની ઘટ વચ્ચે ફરી સારા વરસાદના એંધાણ વર્તાયા છે. ભાદરવા મહિનામાં મેઘરાજાની નવી સિસ્ટમ સક્રિય થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ૧૦ સપ્ટેમ્બરથી રાજયના હવામાનમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળી શકે છે, જયારે ૧૨થી ૧૫ સપ્ટેમ્બર દરમિયાન રાજયના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ પડવાની શક્યતા છે.

હવામાન વિભાગની આગાહી મુજબ ગરમી અને ભેજના કારણે રાજયના કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા ઝાપટાં પડી શકે છે. ૬થી ૧૦ સપ્ટેમ્બર દરમિયાન અમદાવાદ અને ગાંધીનગર સહિત આસપાસના વિસ્તારોમાં હવામાન પલટાઈ શકે છે અને કેટલાક સ્થળોએ હળવો વરસાદ થવાની શક્યતા છે.૧૨થી ૧૫ સપ્ટેમ્બર દરમિયાન બંગાળના ઉપસાગરમાં મજબૂત હવામાન સિસ્ટમ બનવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આ સિસ્ટમ દક્ષિણ તરફ આગળ વધતાં તેની અસર મહારાષ્ટ્ર ઉપરાંત મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં જોવા મળી શકે છે.ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં પણ વરસાદની શક્યતા છે. સિસ્ટમ આગળ વધીને પશ્ચિમ સૌરાષ્ટ્ર પરથી અરબી સમુદ્ર તરફ જવાની સંભાવના દર્શાવવામાં આવી છે.

જો આ સિસ્ટમ પર અન્ય હવામાન પરિબળોની વિપરીત અસર નહીં થાય તો રાજયના અનેક વિસ્તારોમાં મૂશળધાર વરસાદ પડી શકે છે. કેટલાક સ્થળોએ ભારેથી અતિભારે વરસાદની શક્યતા પણ નકારી શકાય નહીં.ખાસ કરીને પશ્ચિમ સૌરાષ્ટ્રમાં સારો વરસાદ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં પણ વરસાદનું જોર વધી શકે છે. આગાહી મુજબ ૧૮ સપ્ટેમ્બર આસપાસથી ૨૩ સપ્ટેમ્બર સુધી ગુજરાત, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના છૂટાછવાયા વિસ્તારોમાં વરસાદ પડી શકે છે. ત્યારબાદ ૨૬ સપ્ટેમ્બરથી ૫ ઓક્ટોબર વચ્ચે રાજયના કેટલાક વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ થવાની શક્યતા છે. એટલે કે સપ્ટેમ્બરના બીજા પખવાડિયાથી ઓક્ટોબરની શરૂઆત સુધી રાજયમાં વારંવાર હવામાન પલટાઈશકે છે.

અંબાલાલ પટેલના અનુમાન મુજબ ૩ ઓક્ટોબરથી હવામાનમાં ફેરફાર શરૂ થઈ શકે છે. ૧૦ ઓક્ટોબર આસપાસ ફરી એક વખત હવામાન પલટાઈ શકે છે.

# અમદાવાદમાં રિક્ષા હડતાળના કારણે તંત્રમાં દોડધામ!

## AMTSએ રાણીપ-કાલુપુર સહિત આ રૂટ પર વધારાની બસો દોડાવી, ગીતામંદિર ખાતે ફ્લાઈંગ ટીમ તૈનાત

અમદાવાદ,

અમદાવાદ શહેરમાં ઓટો રિક્ષા ચાલકોની હડતાળને ધ્યાનમાં રાખીને મુસાફરોને કોઈપણ પ્રકારની હાલાકી ન પડે તે માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા વિશેષ પરિવહન વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. શહેરના મુખ્ય વિસ્તારોમાં વધારાની બસો, કન્ટ્રોલર તથા ફ્લાઈંગ ટીમોની તૈનાતી કરીને નાગરિકોને તેમના ગંતવ્ય સ્થાન સુધી સરળતાથી પહોંચાડવા માટે તંત્ર દ્વારા આગોતરા પગલાં લેવામાં આવ્યા છે. રાણીપ GSRTC બસ સ્ટેશન ખાતે ૨ કન્ટ્રોલરોને ફરજ પર મૂકવામાં આવ્યા છે અને મુસાફરોની વધતી જરૂરિયાત મુજબ ૨ વધારાની બસોની વ્યવસ્થા કરવામાં આવી છે. આ બસો મુસાફરોને ઈન્કમટેક્સ, નટરાજ, પાલડી, ગીતામંદિર અને કાલુપુર જેવા મુખ્ય ટ્રાન્ઝિટ કેન્દ્રો સુધી પહોંચાડશે. આ ઉપરાંત, રાણીપ સ્ટેશન પાસેથી પસાર થતા વિવિધ રૂટોની આશરે ૯૦ બસો મુસાફરોને કાલુપુર, મણિનગર, લાલદરવાજા, વાસણા અને પાલડી સહિતના વિસ્તારો સુધી સેવા આપશે. સાબરમતી ધર્મનગર રેલવે સ્ટેશન ખાતે ૧ સ્પેર ડ્રાઈવર અને ફ્લાઈંગ ટીમને તૈનાત કરવામાં આવી છે, જ્યાંથી કાલુપુર અને મણિનગર માટે ૨ વધારાની બસો ઉપલબ્ધ કરાવાઈ છે તેમજ આ વિસ્તારની અન્ય ૨૮ બસો પણ સેવા આપશે.શહેરના મહત્વપૂર્ણ ટ્રાન્ઝિટ હબ એવા ગીતામંદિર ખાતે ફ્લાઈંગ ટીમને તૈનાત કરવામાં આવી છે, જ્યાંથી વિવિધ રૂટોની બસો દર ૧૫ થી ૨૦ મિનિટે શહેરના વિવિધ વિસ્તારોમાં દોડશે. કાલુપુર રેલવે સ્ટેશન ખાતે સારંગપુર કેબિન કન્ટ્રોલર ૨ ફ્લાઈંગ ટીમો સાથે હાજર રહેશે અને મુસાફરોની સુવિધા માટે ૪ વધારાની બસોની વ્યવસ્થા કરાઈ છે. કાલુપુર વિસ્તારમાંથી પસાર થતા વિવિધ રૂટોની ૫૦ થી વધુ બસો ગીતામંદિર, લાલદરવાજા, વાડજ અને નરોડા સુધી મુસાફરોને પહોંચાડશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવેલી આ વિશેષ વ્યવસ્થાના કારણે ઓટો રિક્ષા ચાલકોની હડતાળના સમયમાં પણ જાહેર પરિવહનની સુવિધા અવિરત મળી રહેશે. શહેરના વિવિધ વિસ્તારો વચ્ચેની અવરજવર પર ન્યૂનતમ અસર થાય તે માટે પૂરતા પ્રમાણમાં માનવબળ અને બસોની તૈનાતી સુનિશ્ચિત કરવામાં આવી છે.

### કેટલાક રિક્ષાચાલકો ગ્રાહકોને ખુલ્લેઆમ લૂંટતા હોવાની રાવ

હડતાળમાં યુનિયને ૩ લાખ રિક્ષા અને ૭૦ હજાર ટેક્સી ચાલકો જોડાશે તેવો દાવો કર્યો હતો, પરંતુ અનેક વિસ્તારોમાં વાહનો ચાલુ રહેતાં હડતાળને ફિક્કો પ્રતિસાદ સાંપડ્યો છે. હડતાળને સફળ બનાવવા યુનિયનના સભ્યો રસ્તા પર ઉતરી આવ્યા હતા. રાણીપ બસ સ્ટેશન પાસે રિક્ષાચાલકે લાકડી સાથે આવીને મુસાફરોને અધ્ધવચ્ચે જ ઉતારી હડતાળમાં જોડાવા દબાણ કરતા વિવાદ થયો હતો. રિક્ષાચાલકો ગુંડાગીરી પર આવી જતા પોલીસ પણ દોડતી થઈ છે. તો બીજી તરફ હડતાળનો ફાયદો ઉઠાવી કેટલાક રિક્ષાચાલકો દ્વારા ગ્રાહકોને ખુલ્લેઆમ લૂંટવામાં આવી રહ્યા હોવાના પણ કિસ્સા સામે આવ્યા છે.

# પૃથ્વી પર જમીન ખૂટી પડતા સ્પેસમાં ડેટા સેન્ટર બનાવવાની ઈલોન મસ્કની તૈયારી

## સ્પેસએક્સ-સ્ટારલિંકની મદદથી ૨૦૨૭માં મિશન પાર પાડવા યોજના

વૉશિંગ્ટન,

દુનિયાના સૌથી ધનવાન ઉદ્યોગપતિ ઈલોન મસ્ક અંતરીક્ષમાં ડેટા સેન્ટર બનાવવાનું સપનું જોઈ રહ્યા છે. એટલું જ નહીં, તેમણે તો ૨૦૨૭ના અંત સુધીમાં આ પ્રોજેક્ટ લોંચ કરવાનો ટાર્ગેટ પણ સેટ કર્યો છે. જોકે, મસ્કના આ આઈડિયાને અત્યારના ટેકનોલોજી એક્સપર્ટ્સ તુક્કો ગણાવી રહ્યા છે. તેમના મતે હજુ એક દશકા સુધી આવી શક્યતા ખૂબ પાંખી છે. સ્પેસમાં ડેટા સેન્ટર્સ બનાવવા સામે અનેક પડકારો અત્યારે છે ને પહેલાં એના જવાબો શોધવા પડશે.

ઈલોન મસ્ક ડેટા સેન્ટર્સ સ્પેસમાં બનાવીને અનેક ઉકેલ શોધવા માંગે છે. ડેટા સેન્ટર્સ સામે દુનિયાભરમાં વિરોધ વધતો જાય છે. કારણ કે તેની પાછળ ઈલેક્ટ્રિસિટી વધારે વપરાશે. કૂલિંગ માટે પાણીની જરૂર પડશે અને ડેટા સેન્ટર્સ માટે જમીનની પણ જરૂરિયાત પડે છે. એઆઈ ટેકનોલોજીના ઉદય પછી હવે ડેટા સેન્ટર્સની ડિમાન્ડ વધી છે. સતત વધતી જવાની છે. જો સ્પેસમાં ડેટા સેન્ટર્સ બનાવવામાં આવે તો એનર્જી ક્રાઈસિસ નિવારી શકાય છે. વળી, માતબર જમીનની જરૂરિયાત પણ રહેતી નથી. આ વિચાર સાથે ઈલોન મસ્કે સ્પેસમાં ડેટા સેન્ટર્સ બનાવવાનો મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ વિચાર્યો છે. ૨૦૨૭માં આ પ્રોજેક્ટ લોંચ થશે. સ્પેસએક્સ અને સ્ટારલિંક જેવી કંપનીઓની મદદથી મસ્ક આ પ્રોજેક્ટ પાર પાડવા ધારે છે. જોકે, તેની સામે સવાલો પણ ખડા થયા છે. એક્સપર્ટ માને છે કે આ પ્રોજેક્ટ સમય કરતાં એક દશકા વહેલો છે. હજુ આપણી ટેકનોલોજી સ્પેસમાં ડેટા સેન્ટર્સ બનાવવા માટે તૈયાર નથી. ઓપનએઆઈના સહસ્થાપક સેમ ઓલ્ટમેન માને છે કે આ તુક્કો માત્ર છે.

# પશ્ચિમ બંગાળમાં દુર્ગા પૂજાને લઈને મહાઅષ્ટમીના દિવસે દારૂની દુકાનો, બાર બંધ રાખવા જાહેરાત

## દુર્ગા પૂજા અને વિસર્જન શોભાયાત્રા દરમિયાન ડીજે સંગીત વગાડવા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે

કોલકાતા,

પશ્ચિમ બંગાળમાં દુર્ગા પૂજાને લઈને રાજ્ય સરકારે અત્યારથી જ અનેક જાહેરાતો કરવાની શરૂઆત કરી છે. જેમાં મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ જણાવ્યું હતું કે મહાઅષ્ટમીના દિવસે રાજ્યમાં દારૂની દુકાનો અને બાર બંધ રહેશે. તેમજ દુર્ગા પૂજા અને વિસર્જન શોભાયાત્રા દરમિયાન ડીજે સંગીત વગાડવા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે.

આ ઉપરાંત મુખ્યમંત્રીએ દુર્ગા પૂજા સમિતિઓને ઉત્સવની પરંપરાગત અને ધાર્મિક ભાવના જાળવી રાખવા અપીલ કરી છે. તેમણે કહ્યું કે મૂર્તિઓ, પંડાલો અને થીમ્સ કોઈની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડે નહીં તેવી રાખવી જોઈએ. સીએમ સુવેન્દુ અધિકારીએ વધુ જણાવ્યું હતું કે, થીમ આધારિત પૂજા ઉજવણીઓને મંજૂરી આપવામાં આવશે, પરંતુ પૂજા સમિતિઓએ થીમ પસંદ કરતી વખતે સાવધાની રાખવી જોઈએ. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે મૂર્તિઓ, પંડાલો અને થીમ ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડે નહીં અથવા સનાતન પરંપરાઓને ઠેસ પહોંચાડે નહી.

આ ઉપરાંત સરકારે પૂજા સંબંધિત કાર્યક્રમો માટે રસ્તાઓના ઉપયોગ પર પણ પ્રતિબંધો મૂક્યા છે. જેમાં આવી ઉજવણી માટે કોઈ રાષ્ટ્રીય ધોરીમાર્ગ બંધ કરી શકાશે નહી.

### દુર્ગા પૂજા સમિતિઓને રૂ૧ લાખની નાણાકીય સહાયની કરાઈ જાહેરાત

આ ઉપરાંત પશ્ચિમ બંગાળ સરકારે આ વર્ષે દુર્ગા પૂજા સમિતિઓને રૂપિયા ૧ લાખની નાણાકીય સહાયની જાહેરાત કરી છે. મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ ઉચ્ચ બજેટ ધરાવતી પૂજા સમિતિઓને અપીલ કરી હતી કે જો તેમને સરકારી સહાયની જરૂર ન હોય તો તેઓ સ્વેચ્છાએ ગ્રાન્ટ છોડી દે. સરકારે પૂજા સમિતિઓ માટે વીજળીના શુલ્કમાં ૧૦૦ ટકા માફીની પણ જાહેરાત કરી છે.

# નાના વેપારીઓનું વેરિફિકેશન સમયમાં પૂર્ણ નહિ થાય તો ૧૫ સપ્ટેમ્બર.પછી UPI-QR કોડથી ઓનલાઈન પેમેન્ટ નહીં થાય?

## RBIના એક નિયમથી લાખો નાના વેપારી અને ગ્રાહકોની ચિંતા વધી, અનેક વેપારીઓના વેરિફિકેશન બાકી હોય સમય મર્યાદા વધારવા માંગ

મુંબઈ,

ભારતમાં ડિજિટલ પેમેન્ટ હવે લોકોના રોજિંદા જીવનનો એક ભાગ બની ગયું છે. ચાની દુકાન હોય, શાકભાજીની લારી હોય કે કરિયાણાની દુકાન, દરેક જગ્યાએ ઊઈ કોડ દ્વારા ચુકવણી સામાન્ય બાબત છે. પરંતુ હવે એક એવી ડેડલાઈન સામે આવી છે, જેણે લાખો નાના વેપારીઓ અને તેમના ગ્રાહકોની ચિંતા વધારી દીધી છે.

RBIના નિયમો હેઠળ મર્ચન્ટ્સ માટે રી-કેવાયસી (Re-KYC) પ્રક્રિયા પૂરી કરવી જરૂરી છે. જો નાના વેપારીઓનું વેરિફિકેશન નિર્ધારિત સમય સુધીમાં પૂર્ણ નહીં થાય, તો તેમના ઊઈ કોડ આધારિત ચુકવણીઓ પ્રભાવિત થઈ શકે છે.રિઝર્વ બેંકના નિયમો અનુસાર મર્ચન્ટ્સને સમયાંતરે તેમની માહિતી અપડેટ કરવી પડે છે. હાલની સમય મર્યાદા હેઠળ ૧૫ સપ્ટેમ્બર સુધીમાં રી-કેવાયસી પૂર્ણ કરવું જરૂરી છે. પેમેન્ટ એગ્રીગેટર અને ફિનટેક કંપનીઓનું કહેવું છે કે લાખો નાના વેપારીઓનું વેરિફિકેશન હજુ બાકી છે. આ જ કારણોસર ઈન્ડસ્ટ્રીએ ઈંૈને સમયમર્યાદા વધારવાની માગ પણ કરી છે. જો કોઈ દુકાનદારનું રી-કેવાયસી સમયસર પૂર્ણ ન થાય અને તેનો ઊઈ કોડ પ્રભાવિત થઈ શકે છે અને ગ્રાહકોને ચુકવણીમાં મુશ્કેલી પડી શકે છે. માની લો કે તમે શાકભાજી ખરીદવા પહોંચ્યા અને દુકાનદારનો ઊઈ કોડ કામ નથી કરી રહ્યો. આવી સ્થિતિમાં દ્વારા ચુકવણી શક્ય નહીં બને. ત્યારે તમારે રોકડ ચુકવણી કરવી પડી શકે છે અથવા સીધા બેંક ખાતામાં પૈસા ટ્રાન્સફર કરવા જેવા વિકલ્પો અપનાવવા પડી શકે છે. જોકે, તેની અસર સમગ્ર દેશમાં એકસરખી નહી હોય. નિષ્ણાતોનું માનવું છે કે નાના વેપારીઓ અને લારી-ગલ્લાવાળા વિક્રેતાઓના વિસ્તારોમાં મુશ્કેલી વધુ જોવા મળી શકે છે.

# વડાપ્રધાન મોદીના આગમન પૂર્વે કાર્યક્રમ સ્થળે દેશભક્તિનો માહોલ

વડોદરા,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડોદરા આગમન પૂર્વે કાર્યક્રમ સ્થળે દેશભક્તિનો માહોલ જોવા મળ્યો હતો. ઉરી સર્જિકલ સ્ટ્રાઇકની થીમ આધારિત નાટક અને નૃત્યની રજૂઆત કરવામાં આવી હતી. કલાકારોએ પોતાના અભિનય અને નૃત્ય દ્વારા દેશભક્તિનો સંદેશ આપતા ઉપસ્થિત લોકોમાં જોશ અને જોમ ભરાયો હતો.

નાટક અને નૃત્યની રજૂઆત દરમિયાન કાર્યક્રમ સ્થળે મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. દેશભક્તિના ગીતો અને રજૂઆતો વચ્ચે લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.રજૂઆત દરમિયાન ઉપસ્થિત લોકો દ્વારા 'ભારત માતા કી જય' અને 'વંદે માતરમ્'ના નારા લગાવવામાં આવ્યા હતા. નારાઓથી સમગ્ર કાર્યક્રમ સ્થળ ગૂંજી ઉઠ્યું હતું. યુવાઓ સહિત ઉપસ્થિત લોકોમાં દેશભક્તિનો ઉત્સાહ જોવા મળ્યો હતો. વડાપ્રધાનના આગમન પૂર્વે યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ઉરી સર્જિકલ સ્ટ્રાઇકની થીમ આધારિત રજૂઆત આકર્ષણનું કેન્દ્ર બની હતી.




વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે વડોદરાની મુલાકાતે આવી રહ્યા છે. વડાપ્રધાન દ્વારા વડોદરામાં રૂ.૩૫ હજાર કરોડથી વધુના વિકાસકાર્યોનું શિલાન્યાસ, ઉદ્ઘાટન અને રાષ્ટ્રને સમર્પણ કરવામાં આવશે. વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોરના ત્રણ મુખ્ય વિભાગો રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવશે, જે આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ પૂર્ણ થવાનું ચિહ્નિત કરશે. આ ઉપરાંત રેલવેના ત્રણ અને હાઈવેના ત્રણ પ્રોજેક્ટનું શિલાન્યાસ કરવામાં આવશે. વડાપ્રધાનની મુલાકાતને લઈને વડોદરા શહેરને શણગારવામાં આવ્યું છે. શહેરના વિવિધ વિસ્તારોમાં વડાપ્રધાનના મોટા હૉર્ડિંગ્સ લગાવવામાં આવ્યા છે. રંગરોગાન, લાઈટિંગ સહિતની વ્યવસ્થાઓ કરવામાં આવી છે. બીજી તરફ વડાપ્રધાનના આગમન પૂર્વે જ કાર્યક્રમ સ્થળે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા છે.

વડાપ્રધાનના આગમન પૂર્વે કાર્યક્રમ સ્થળે ઢોલ, ગરબા અને નૃત્ય સહિતના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. સવારથી જ લોકો કાર્યક્રમ સ્થળે પહોંચવા લાગ્યા હતા અને ડોમ હાઉસફૂલ થઈ ગયો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રાહ જોવાઈ રહી છે અને સ્થળ પર ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને ઝેન-જીના યુવાઓમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. કેટલાક યુવાઓ વડાપ્રધાનને આપવા માટે તેમના ફોટા, ચિત્રો સહિતની ભેટ લઈને પહોંચ્યા હતા. ગરબામાં યુવાનો સાથે સાંસદો અને ધારાસભ્યો પણ જોડાયા હતા.

### 'ભારત માતા કી જય' અને 'વંદે માતરમ્'ના નારાથી ગૂંજ્યું વડોદરા, પીએમના હસ્તે રૂ.૩૫ હજાર કરોડથી વધુના વિકાસકાર્યોની ભેટ મળશે



## સૌરાષ્ટ્ર આસપાસ

# લાખણકાનો કિનારોઃ ભાવનગરના ભવિષ્યનું પ્રવેશદ્વાર

ભાવનગરના દરિયાકિનારે વિકાસની અપાર શક્યતાઓ છે. ભાવનગર બંદર સીએનજી ટર્મિનલ તરીકે ડેવલપ થઈ રહ્યું છે અને તે ધોલેરા સર માટે મહત્વનું બંદર બની જશે. બીજી બાજુ ગુજરાત સરકારે ભાવનગર તાલુકાના લાખણકા ગામને પણ ગ્રીનફિલ્ડ પોર્ટ તરીકે વિકસિત કરવા માટે નક્કી કર્યું છે અહીં નજીકમાં મીઠીવીરડી ખાતે અણું ઉર્જા મથક બનવાનું હતું પરંતુ વ્યાપક વિરોધને કારણે આ પ્રોજેક્ટ પડતો મૂકવામાં આવ્યો છે આ પ્રોજેક્ટ માટે પણ ભાવનગરના વિકાસ વિરોધીઓ મેદાનમાં ન આવે તેવું લોકો ઈચ્છે રહ્યા છે. લાખણકા ગામ સમુદ્ર કિનારે આવેલું છે અહીં સમુદ્ર કિનારો મોટું બંદર બનવા માટે અનુકૂળ છે મોટા જહાજો આવી શકે તે માટેના સમુદ્રની ઊંડાઈ પણ પૂરતી છે. અહીં સરકાર ગ્રીનફિલ્ડ પોર્ટ બનાવવા માટે સજ્જ થઈ છે ત્યારે ભાવનગર માટે વિકાસની એક બહુ મોટી તક સામે આવી છે.ભાવનગરને દરિયાએ હંમેશા બે હાથથી આપ્યું છે. અહીંના દરિયાએ રોજગારી આપી છે, વેપાર આપ્યો છે અને વિશ્વના નકશા પર એક અલગ ઓળખ પણ આપી છે. આ ઓળખના કેન્દ્રમાં અલંગ અને ભાવનગર પોર્ટ જેવા મોટા નામો છે. પરંતુ આ મોટા નામોની વચ્ચે ઘોઘા નજીક આવેલો લાખણકાનો દરિયાકિનારો આજે પણ પોતાની ઓળખ શોધી રહ્યો છે. આ કિનારો વિકસે તો આખા જિલ્લાના અર્થતંત્રને નવી દિશા મળી શકે છે, તેવી લાગણી સ્થાનિકોમાં લાંબા સમયથી છે.આ લાગણીને તાજેતરમાં વધુ બળ મળ્યું છે. ગુજરાત મેરીટાઈમ બોર્ડે મુંબઈ ખાતે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી, જેમાં રાજ્યના ઉપેક્ષિત બંદરોને પુનર્જીવિત કરવા અંગે મંથન થયું હતું. લાખણકા કોઈ બંદર નથી માત્ર હું ઉજડ દરિયા કિનારો છે. પરંતુ તળાજા પાસે આવેલું સરતાનપર બંદર છે પરંતુ તે પડી ભાંગેલું છે. સરકાર લાખણકા ગામના સમુદ્ર કિનારે મોટું બંદર બનાવવા માટે તૈયાર થઈ છે ત્યારે સરકારે અગાઉ મહુવા બંદરને પણ વિકસિત કરવાની વાત કરી હતી પરંતુ આ વાત ભુલાઈ ગઈ અને લાખણકા નું નામ આવ્યું છે તો મહુવા અને લાખણકા વિકસિત થાય તો વિકાસને ચાર ચાંદ લાગે.મુંબઈ ખાતે યોજાયેલી બેઠક એવા સમયે યોજાઈ છે જ્યારે રાજ્ય સરકારે બોર્ડના અડતાલીસ નાના બંદરોના સંચાલન માટે ખાનગી ભાગીદારીથી એટલે કે એસપીવી બનાવવાના પ્રસ્તાવને લીલી ઝંડી આપી છે. આ નિર્ણય ગુજરાતના મેરીટાઈમ ક્ષેત્ર માટે એક નવું પ્રકરણ શરૂ કરી શકે છે. સ્વાભાવિક રીતે જ ભાવનગર જિલ્લાના નાગરિકોની નજર હવે લાખણકા પર છે.લાખણકા શા માટે મહત્વનું છે તે સમજવા માટે નકશા પર નજર કરવી પૂરતી છે. આ સ્થળ ખંભાતના અખાતના એવા ભાગમાં આવેલું છે જ્યાં કુદરતી રીતે જ ઊંડાણ સારું છે અને મોટા બંદરો સાથે જોડાણની શક્યતા પણ રહેલી છે. જો અહીં આધુનિક સુવિધા સાથેની જેટી બને તો મહુવા પંથકની ખેત પેદાશો, ખાસ કરીને ડુંગળીની નિકાસ માટે સીધો દરિયાઈ માર્ગ ખુલે. આજે આ માલસામાનને સેંકડો કિલોમીટર દૂર લઈ જવો પડે છે. સ્થાનિક માછીમારો માટે તો આ બંદર જીવનરેખા સમાન બની શકે. ચોમાસા દરમિયાન બોટને સલામત લાંગરવાની જગ્યા મળે તો અનેક પરિવારોની આજીવિકા વધુ સુરક્ષિત બને.જોકે વિકાસની આ વાતો સાથે કેટલીક કડવી વાસ્તવિકતા પણ સ્વીકારવી પડશે. ગુજરાત મેરીટાઈમ બોર્ડ હસ્તકના અનેક બંદરોની હાલત આજે સારી નથી. ભાવનગરની નજીક આવેલા ઘોઘા બંદરની જેટી લાંબા સમયથી જર્જરિત હાલતમાં હતી અને તેને અંતે બંધ કરવાની ફરજ પડી. આ ઘટના દર્શાવે છે કે માત્ર નવા પ્રોજેક્ટની જાહેરાત કરવી પૂરતું નથી, તેની નિયમિત જાળવણી અને દેખરેખ પણ એટલી જ જરૂરી છે. ઉપરાંત બંદરોના સંચાલનમાં અનુભવી દરિયાઈ અધિકારીઓની નિમણૂકનો મુદ્દો પણ ચર્ચામાં રહ્યો છે.

# ચોપડો ચોખ્ખો રાખ્યો...

**એક સંતાનના વિધુર બાપે એકલ પંડ્યે દીકરાને શહેરમાં ભણવા મોકલ્યો ને ત્યાં જ ઠરીઠામ કર્યો, વરાવ્યો ને પોતે ગામડે જાતમહેનતથી સ્વમાનભેર આત્મનિર્ભર જીવન જીવીને સ્વધામ સિધાવ્યા ત્યારે મરણમૂડી મૂકતાં ગયા ને માથે કોઈનું લેણું પણ નહીં**

**અલપ ઝલપ** -ડૉ. મનહર ઠાકર







'દીકરા, આજે મને શુદ્ધિ છે, એટલે કહી દેવા દે ; કાલે કહેવાયું ના કહેવાયું. આ ખાટલા હેઠે પતરાની જૂની પેટી પડેલી છે, તેમાં મારી મરણમૂડી છે, એ સાચવજે. મને ભળાવીને તારી મા તને મેલીને ગામતરે સિધાવી પછી મેં એકલ પંડ્યે તને ભણવા માટે શહેરમાં મોકલ્યો. પછી ભણેલો બેકાર રહે એ વસમું દુઃખ ગણાય તેમ સમજીને તને સારી નોકરીએ લગાડ્યો. આખું આયખું મેં આ ખોરડે જ વિતાવ્યું, છતાં નિરાશ ન થયો. નસીબને કદી દોષ દીધો નહિ અને ધીરજ રાખી. કાયમ મહેનત કરીને પેટ ભર્યું છે. તને મારા આશીર્વાદ છે કે દુખિયાઓની સેવા કરજે. મહેનતને મહાન ગણજે. પરિશ્રમ આપણો પરમેશ્વર ગણાય. બેટા, ઉદાર રહેજે પણ કોઈનું ઉધાર ન લેતો. આ મારી આખરી શિખામણ છે.'

'હવે, બહું થયું બાપા !'

' જો બેટા ! હજુ તો કાલે સવારે આખાય ગામનાં ઘરેઘર ફરીને તારે પૂછી લેવાનું છે કે તારા બાપની માથે કોઈનું લેણું તો નથી ને?'

પછી સૌને મારે ઝાઝા જુહાર કરવા છે. સૌને મારે રામ રામ કહેવા છે અને મારા નાનકાને રમાડવો છે.'

'પણ, બાપા ! રામે જ આપણને વિસારી મેલ્યા છે, નહિ તો આપણી આ વલે હોય ?'

'લે વાત મેલ , હવે બે ઘૂંટ પાણી પાઈ દે, બેટા ! ઊંઘી જાઉં, પછી વહેલી પડે સવાર...!'

બાપાને બેઠા કરી, બે-ચાર ઘૂંટ પાણી પાઈ હળવેથી સુવાડયા; ગોદડું ઓઢાડી, ઘડી ભર તેનું હળવેથી માથું દબાવ્યું અને પગ દબાવ્યા.

'હવે જઈને સૂઈ જાઓ, બેટા ! આખા દિ'ના થાક્યા હશો. નાનકાને ખવડાવ્યું તો છે ને ? તેને ઓઢાડવાનું વહુને કહેજે, બેટા !' કહેતાં, બાપા ઊંઘી રહ્યાં હતાં. તેના માથા ઉપર મૂકેલો હાથ દીકરે હળવેથી લઈ લીધો.

સવારે દીકરાએ વહેલા ઊઠી, પ્રથમ બાપા સામે જોઈ લીધું. બાપા ઊંઘી રહ્યા હતા. તે રખે જાગી જાય તેની ચિંતામાં, તે હળવેથી ખડકી ઉઘાડીને ગામમાં જવા નીકળ્યો. ઘરેઘર જઈને તેણે પૂછી જોયું પણ તેના બાપનું કોઈ લેણિયાત ન હતું.

કોણ જાણે કેમ ? આજે તો બાપાના જીવને જાણે ધરપત હોય તેમ શાન્તિથી આખી રાત નિરાંતે ઊંઘ્યા જ કર્યું છે. જરા સરખાંય બોલ્યાં-ચાલ્યાં નથી કે પડખુંય ફેરવ્યું નથી. કારણકે રાતે બહુ વાતો કરી લીધી છે ને ! '

રોજ તો, બાપા પરોઢિયે છોકરાં ઢીબણિયું - તારોડિયું ઊગે તે પહેલાં જાગી જાય, પછી ઉધરસ ચડે, ત્યાં તો શ્વાસની ધમણ ફૂંફાડા દેવા લાગે. પણ આજે તો !'

ગોદડું થોડુંક ખસી ગયું છે. દીકરાએ ગોદડાનો છેડો સરખો કરતાં જરા ઊંચો કર્યો ને ધીમેથી કહ્યું, 'બાપા !'

બાપાનો બોલવાનો અણસારો ન આવતાં, તેમના ચહેરા ભણી નજર નાખી. તે હમણાં જાગી જશે તો કહેશે, ' દીકરા બેટા !' એવો મનોમન વિચાર આવ્યો. જોયું તો બાપાની આંખો ઢળેલી હતી. જાણે સવારની મીઠી નિંદર લઈ રહ્યા હોય તેમ તેમના ચહેરા પર પ્રસન્નભાવ પ્રસરેલો હતો. પણ, તેમના શ્વાસોશ્વાસ...? એવું મનોમન વિચારતાં દીકરે ધીમેથી તેમના કપાળ ઉપર હાથ મૂક્યો અને ઓચિંતુ બોલાઈ ગયું, જલ્દી આવો નાનકાના મમ્મી, બાપા તો..!'

ઓચિંતો પતિનો રડમસ સાદ સાંભળી પત્નીના હૈયે ઊંડી ફાળ પડી. તેણે નાનકાને ઉઠાડ્યો અને બાપાને ઓઢાડેલા ગોદડાની બહાર રહી ગયેલા તેમના હાથ પાસે લાવીને રાખી દીધો. હવે એ હાથ નિઃચેતન હતો. બાપા તો સ્વમાનભેર જીવન જીવીને સ્વધામ સિધાવી ગયા છે. આખું આયખું તેમણે આત્મનિર્ભર બનીને ગામડે પોતિકા ખોરડે જ વિતાવ્યું. પોતાના મૃત્યુ પછીના વિધિનો બોજ દીકરાને ઉઠાવવો ન પડે એટલે પોતાની કમાણીમાંથી સંગ્રહી રાખેલી મરણમૂડી પણ મૂકી ગયા છે. વળી, કોઈનું પણ લેણું માથે રાખ્યા વગર પોતાનો ચોપડો ચોખ્ખો રાખનાર એ માણસે હસતાં ચહેરે વિદાય લીધી ત્યારે દીકરો ને વહુ દિવંગત બાપાનાં ચરણે માથાં ટેકવીને પોક મૂકી રડી પડ્યાં.

# રસોઈને સ્વાદ-સોડમ બક્ષતી રોજિંદી વસ્તુઓ એટલી જ સ્વાસ્થ્યપ્રદ પણ



**વિશેષ**

આપણા રોજબરોજના ભોજનમાં આપણે એવી ઘણી વસ્તુઓનો ઉપયોગ કરીએ છીએ જે આપણી તંદુરસ્તી માટે અત્યંત લાભકારક હોય છે. પરંતુ આપણે તેના ફાયદાઓથી અજાણ હોઈએ છીએ. વળી નવી પેઢીના લોકોને પશ્ચિમી કે ચાઈનિસ વ્યંજનોનો એવો ચસકો લાગ્યો છે કે તેમને આપણા પરંપરાગત આહારમાં કાંઈ દમ નથી લાગતો. પરિણામે તેઓ આપણી સદાકાળ ચાલી આવતી સ્વાસ્થ્યપ્રદ વસ્તુઓના લાભથી વંચિત રહી જાય છે. આજે આપણે એવી કેટલીક વસ્તુઓ વિશે વાત કરીશું જેના વિશે જાણ્યા પછી નવી પેઢીના લોકો પણ ચોક્કસ કહેશે કે તે ખરેખર દમદાર છે.

અજમો : અજમાની સુગંધ જ આપણને તે ખાવા લલચાવે છે. અજમામાં રહેલો અર્ક પાચક રસોના સ્ત્રાવમાં વૃધ્ધિ કરે છે તેથી ખોરાક સારી રીતે પચે છે. અજમો રેચક હોવાથી કબજિયાત દૂર કરવામાં પણ સહાયક બને છે. વાસ્તવમાં આપણું વજન ન વધે એટલા ખાતર પણ ખોરાક સારી રીતે પચે તે જરૂરી છે. સાથે સાથે મળ પણ શરીરમાંથી નિયમિત રીતે બહાર ફેંકાઈ જાય એ પણ એટલું જ આવશ્યક છે. અજમામાં આ ગુણો હોવા ઉપરાંત તે શરદીમાં રાહત આપે છે. શરદીને કારણે નાક બંધ થઈ ગયું હોય તો તે જલદી ખુલે છે. અસ્થમા અને બોંકાઈટિસ જેવા શ્વસનને લગતા રોગોમાં તેમ જ માઈગ્રેન જેવા શિરદર્દમાં પણ ઘણી રાહત આપે છે.

દરરોજ માત્ર બે ગ્રામ જેટલો શેકેલો અજમો પણ એક જણ માટે પૂરતો થઈ રહે છે. તમે ચાહો તો અજમો, લીલી ચા, આદુ અને એલચી નાખીને ઉકાળેલું પાણી પણ પી શકો છો.

હિંગ : ભાગ્યે જ કોઈ ગુજરાતી ઘર એવું હશે જેના ઘરમાં હિંગનો વપરાશ ન થતો હોય. એક ચપટી હિંગ સમગ્ર રસોઈને સ્વાસ્થપ્રદ બનાવે છે. ગેસ, પેટ ફૂલવું, આમવાત ઈત્યાદિ દૂર રાખવામાં હિંગ મહત્ત્વનો ભાગ ભજવે છે. હિંગનું સેવન રક્તને કુદરતી રીતે પાતળું રાખવામાં મદદ કરતું હોવાથી લોહીનું ઊંચુ દબાણ અંકુશમાં રહે છે. હિંગમાં રહેલા ચોક્કસ તત્વો રક્ત પરિભ્રમણ ઝડપી બનાવતાં હોવાથી બ્લડ ક્લોટ્સ થતાં અટકે છે. દરેક પ્રકારના વઘારમાં હિંગ નાખી શકાય. ખાસ કરીને પચવામાં ભારે હોય એવા વ્યંજનોમાં હિંગનો ઉપયોગ અચૂક કરવો.

જીરૃં : ચયાપચયની ક્રિયાને સુચારુ રીતે ચલાવવા તેમ જ રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મહત્ત્વની કામગીરી બજાવતા લોહ તત્વની આપૂર્તિ માટે રોજિંદા આહારમાં જીરાનો પૂરતો ઉપયોગ કરો. જીરૃં પાચક રસોના સ્ત્રાવમાં મદદગાર બનતું હોવાથી ખોરાકનું પાચન સારી રીતે થાય છે. જીરૃં યકૃત અને સ્વાદુપિંડને સારી રીતે કાર્યરત રાખે છે. તે લિવરમાં રહેલા વિષારી તત્વોનો નાશ કરવામાં સહાય કરે છે. અને જ્યારે તમારા આ અંગો સારી રીતે કામ કરે ત્યારે અનિદ્રા જેવી સમસ્યાઓ આપોઆપ દૂર રહે છે. તેથી તમારી રસોઈના વઘારમાં જીરૃં અચૂક નાખો. તમે ચાહો તો થોડું જીરૃં પાણીમાં નાખી રાતભર પલાળી રાખો. સવારના આ પાણીને ઉકાળી-ગાળીને ઠંડુ થાય એટલે પી લો.

મીઠો લીમડો : મીઠો લીમડો આપણા સ્વાસ્થ્ય માટે ખરેખર મીઠો પુરવાર થાય છે. હળવું ક્ષાર તત્વ ધરાવતો લીમડો રસોઈને સ્વાદ-સોડમ બક્ષે છે. લીમડાના પાનમાં ડાયાબિટિસ ખાળવાના ભરપૂર ગુણો રહેલા છે. તે આપણા શરીર માટે સારા ગણાતા કોલેસ્ટોલમાં વૃધ્ધિ કરે છે તેથી હૃદય રોગનું જોખમ ઘટે છે. એટલું નહીં, મીઠો લીમડો ખોરાકનું પાચન કરાવવામાં, ત્વચાનો ચેપ રોકવામાં, વાળ વધારવામાં અને વજન ઘટાડવા સુધ્ધાંમાં સહાયક બને છે. તેથી દરેક વઘારમાં લીમડો નાખવાનું ન ભૂલો. વહેલી સવારે લીમડો ચાવીને ખાવો પણ લાભકારક બને છે.

કેસર : ગુણ અને રંગ-સોડમના ખજાના સમી અતિકિંમતી કેસરમાં રહેલું પાણીમાં ઓગળી જાય એવું 'ક્રોસિન'ના નામે ઓળખાતું કેરટીન કેન્સર સામે રક્ષણ આપે છે. અને તેનો રંગ પણ આ તત્વને જ આભારી છે. 'ક્રોસિન' યાદશક્તિ તેજ બનાવે છે અને પાર્કિન્સન સામે પણ સુરક્ષા આપે છે. મીઠાઈઓમાં કેસરનો ઉપયોગ ગુણકારી બની રહે છે. તેવી જ રીતે તે ઉકાળેલા દૂધમાં નાખીને પણ લઈ શકાય.

મેથી : મેથીના દાણા મધુપ્રમેહના દરદીઓ માટે આશિર્વાદરૂપ બની રહે છે. મેથી ઈન્સ્યુલીનની પ્રતિક્રિયા ઘટાડતી હોવાથી તે ડાયાબિટિસના દરદીઓ માટે શ્રેષ્ઠ અને સોંઘી ઔષધિ ગણાયછે. મેથીના દાણા શરીરમાંથી ટ્રાઈગ્લિસરાઈડ અને સિરમ ઘટાડવામાં મદદ કરે છે. તેનાથી કફ છૂટો થાય છે, તે દાહ-બળતરા શાંત કરે છે, તે રેચક હોવાથી કબજિયાત દૂર રાખે છે, તે આમવાતને કારણે પેટમાં થતાં શૂળને પણ દૂર રાખે છે એટલું જ નહીં મેથી અતિસારમાં પણ રાહત આપે છે. મેથી મૂત્રવર્ધક હોવાથી શરીરમાં રહેલા વિષારી તત્વોને મૂત્ર વાટે બહાર ફેંકવામાં સહાયક બને છે. તમે ચાહો તો દાળ-શાક ઈત્યાદિના વઘારમાં મેથી નાખી શકો. એક ટી-સ્પૂન મેથી દાણા રાતભર પાણીમાં પલાળી રાખીને એ પાણી સવારના ઉકાળી-ઠારીને પીઓ. તેમ જ આ પાણીમાં બફાઈ ગયેલા મેથીના દાણા ચાવીને ખાઈ જાઓ.

લસણ : લસણમાં રહેલું સલ્ફાઈડ નામનું તત્વ કોલેસ્ટરોલ ઘટાડવામાં, રક્તમાં ગઠ્ઠા પડતાં ખાળવામાં મદદ કરે છે. રોજનું બે કળી જેટલું લસણ પણ ચમત્કારી પરિણામ આપે છે.

આદુ : આદુ રોગપ્રતિકારક શક્તિમાં વૃધ્ધિ કરે છે અને શરદી-તાવ આઘા રાખવામાં મદદ કરે છે. માઈગ્રેનને કારણે થતાં શિરદર્દમાં પણ આદુ રાહતદાયક પુરવાર થાય છે. તે કેટલાંક હોર્મોન્સ માટે પણ અસરકારક બની રહે છે. મોટાભાગના ગુજરાતીઓ આદુવાળી ચા પીવાનું પસંદ કરે છે. તમે ચાહો તો થોડું આદું માત્ર પાણીમાં નાખીને ઉકાળીને પી શકો. તેવી જ રીતે સલાહના ડ્રેસિંગમાં આદુ સાથે સોયા સોસ, ઓલિવ ઓઈલ અને લસણનો ઉપયોગ પણ થઈ શકે.

# ક્ષમાપના - અંતરને પવિત્ર કરતું પર્યુષણ પર્વ

**આસપાસ ચોપાસ** - સુરેશ ભટ્ટ

પર્યુષણ એટલે પોતાની પાસે આવવું. પોતાના આત્માની નજીક જવું. જૈન ધર્મમાં પર્યુષણ સૌથી મોટું પર્વ છે. તેને આત્માના શુદ્ધિકરણનું પર્વ કહેવાય છે. આ આઠ દિવસ સુધી ચાલે છે. શ્વેતાંબર સમાજમાં તેને પર્યુષણ અને દિગંબર સમાજમાં દસ લક્ષણ પર્વ કહે છે. આ દિવસોમાં લોકો ઉપવાસ કરે છે. તેઓ ધ્યાન કરે છે. તેઓ ગ્રંથો વાંચે છે. ક્રોધ, માન, માયા અને લોભથી દૂર રહેવાનો પ્રયત્ન કરે છે.

**ક્ષમા એ માત્ર શબ્દ નથી. તે એક વિચાર છે. તે એક સંસ્કાર છે. તે જીવન જીવવાની રીત છે. જ્યારે આપણે કોઈને દિલથી માફ કરીએ છીએ, ત્યારે આપણે બીજાને નહીં, પોતાને મુક્ત કરીએ છીએ આ જ છે પર્યુષણ પર્વનો મુખ્ય સંદેશ**

જૈન ધર્મની પરંપરા અતિ પ્રાચીન છે. તે અહિંસા પર આધારિત છે. જૈન ધર્મમાં કહેવાયું છે કે દરેક જીવમાં આત્મા છે. કોઈ જીવને દુઃખ ન આપવું જોઈએ. ભગવાન મહાવીર સ્વામીએ આ માર્ગ બતાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે ક્ષમા એ વીરોનું ભૂષણ છે. જૈન સાધુઓ આખું વર્ષ ફરે છે. પરંતુ ચોમાસામાં એક જગ્યાએ રોકાય છે. જેથી નાના જીવોને નુકસાન ન થાય. આ રોકાવાના સમયને ચાતુર્માસ કહે છે. પર્યુષણ આ ચાતુર્માસ દરમિયાન આવે છે.

ક્ષમાપના નો સાચો અર્થ સમજવો જરૂરી છે.

પર્યુષણનો છેલ્લો દિવસ એટલે સંવત્સરી. આ દિવસને ક્ષમાપના દિવસ કહે છે. આ દિવસે બધા લોકો એકબીજાને કહે છે, "મિચ્છામિ દુક્કડમ્". તેનો અર્થ છે, મારા દ્વારા થયેલા દરેક ખરાબ કાર્ય માટે મને માફ કરો. જો મેં જાણતા કે અજાણતા તમારું મન દુભાવ્યું હોય, તો મને માફ કરો. આ માત્ર બોલવાનું નથી. તે દિલથી અનુભવવાનું છે.આજે પરંપરા ઔપચારિક બને નહી એ વસ્તુ જરૂરી છે.તમને માફ કરુંછું એ વસ્તુ માત્ર શાબ્દિક ઉચ્ચારણ બનીને રહી જાય તો એનો કોઈ અર્થ નથી. ક્ષમા દિલથી આપવાની છે.

મિચ્છામિ દુક્કડમ્ નું રહસ્ય આજે બહુ ઓછા લોકો જાણે છે.આ નાનો શબ્દ ખૂબ શક્તિશાળી છે. તે અહંકારને તોડી નાખે છે. જ્યારે આપણે કોઈની સામે હાથ જોડીને માફી માંગીએ છીએ, ત્યારે આપણો અહંકાર ઓગળી જાય છે. આપણે નાના બનીએ છીએ. અને નાનું બનવું એ જ મોટું બનવાની શરૂઆત છે. આ શબ્દ કહે છે કે હું સંપૂર્ણ નથી. મારાથી ભૂલ થઈ શકે છે.

જીવનમાં ક્ષમાનું મહત્વ આજના સમયમાં અનેક ગણું વધી ગયું છે. જીવનમાં આગળ વધવા માટે આ જરૂરી છે.

જીવનમાં દરેક વ્યક્તિથી ભૂલ થાય છે. ક્યારેક આપણે કોઈને દુઃખ પહોંચાડીએ છીએ. ક્યારેક કોઈ આપણને દુઃખ પહોંચાડે છે. જો આપણે તે દુઃખને મનમાં રાખી મૂકીએ, તો તે બોજ બની જાય છે. તે બોજ આપણને આગળ વધવા દેતો નથી. ક્ષમા તે બોજને ઉતારી દે છે. તે મનને હળવું કરે છે.

આગળ વધવા માટે ક્ષમા શા માટે જરૂરી છે? એવો પ્રશ્ન દરેકના મનમાં જાગે તે સ્વાભિવિક છે.

વિચારો, તમે ખભા પર ભારે થેલો લઈને ચાલો છો. તમે ઝડપથી ચાલી શકશો? ના. એમ જ, મનમાં ગુસ્સો, નફરત અને બદલાની ભાવના હોય તો જીવનમાં આગળ વધી શકાતું નથી. ક્ષમા એ થેલો ઉતારી દેવા જેવી છે. જે વ્યક્તિ માફ કરતા શીખી જાય છે, તે જીવનમાં શાંત રહે છે. તે નવા સંબંધો બનાવી શકે છે. તે પોતાના કામ પર ધ્યાન આપી શકે છે. માફી એ ભૂતકાળને ભૂલીને ભવિષ્ય તરફ જોવાનું નામ છે.

અહંકારથી મુક્તિનો માર્ગ એટલે આ પર્વ.ઘણી વખત આપણે માફી નથી માંગતા. કારણ કે આપણને એમ લાગે છે કે આપણે નાના થઈ જઈશું. આ અહંકાર છે. અહંકાર માણસનો સૌથી મોટો દુશ્મન છે. ક્ષમાપના અહંકારને મારવાનો દિવસ છે. તે દિવસે કહેવાય છે કે કોઈ નાનું નથી, કોઈ મોટું નથી. બધા સમાન છે. સંબંધોને જોડતી ક્ષમા આજની તારીખે ખૂબ જરૂરી છે.




આજે સંબંધો તૂટી રહ્યા છે. નાની નાની વાતમાં ઝઘડા થાય છે. ક્ષમા સંબંધોને જોડવાનું કામ કરે છે. એક વખત દિલથી કહેલું મિચ્છામિ દુક્કડમ્ વર્ષો જૂના ઝઘડાને પૂરો કરી દે છે. પરિવારમાં, મિત્રોમાં અને સમાજમાં પ્રેમ વધે છે.

મનની શાંતિ માટે ક્ષમા જરૂરી છે.

જે વ્યક્તિ બીજાને માફ નથી કરતી, તે રાત્રે શાંતિથી સૂઈ શકતી નથી. તેના મનમાં હંમેશા વિચારો ચાલે છે. ક્ષમા મનને શાંત કરે છે. તે હૃદયને સાફ કરે છે. જ્યારે હૃદય સાફ હોય છે, ત્યારે જ ભગવાન ત્યાં વસે છે.

આજના સમયમાં ક્ષમાપનાનો સંદેશ સૌ માટે સમાન છે.આજે સોશિયલ મીડિયાનો યુગ છે. લોકો એકબીજાને ઝડપથી દુઃખ પહોંચાડે છે. આવી સ્થિતિમાં ક્ષમાપનાનું મહત્વ વધી ગયું છે. આ પર્વ આપણને શીખવે છે કે બોલતા પહેલા વિચારો. જો ભૂલ થઈ જાય તો માફી માંગવામાં મોડું ન કરો. અને કોઈ માફી માંગે તો તેને દિલથી માફ કરો. આ જ સાચો ધર્મ છે. આ જ સાચું જીવન છે.

છેલ્લે, ક્ષમાપના એ એક દિવસનો તહેવાર નથી. તે જીવન જીવવાની કળા છે. ચાલો, આપણે પણ આજથી નક્કી કરીએ. અમે કોઈનું મન નહીં દુભાવીએ. અને જો ભૂલ થશે તો તરત જ માફી માંગી લઈશું.

# સાત્વિક અને ચિરાગે ઈતિહાસ રચ્યો, ચીની જોડીને હરાવીને પહેલીવાર ચાઈના માસ્ટર્સનો ખિતાબ જીત્યો

નવીદિલ્હી,

ભારતની સ્ટાર બેડમિન્ટન જોડી સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીએ પહેલીવાર ચાઈના માસ્ટર્સનો ખિતાબ જીતીને ઈતિહાસ રચ્યો છે. ફાઈનલ મેચમાં, તેમણે ચીની જોડી હી જી ટીંગ અને રેન ઝિયાંગ યુને ૧૧-૨૧, ૨૧-૧૩, ૨૧-૧૭ થી હરાવી હતી. પહેલો સેટ ગુમાવ્યા બાદ, ભારતીય જોડીએ શાનદાર વાપસી કરી અને આગામી બે સેટ જીતીને મેચ જીતી લીધી. આ વિજય સાથે, સાત્વિક અને ચિરાગે તેમની અગાઉની બે ફાઈનલ હારની નિરાશાને દૂર કરી. સાત્વિક અને ચિરાગે અગાઉ સેમિફાઈનલમાં નૂર મોહમ્મદ અઝરીન અયુબ અને ટેન વી કિઓંગની મલેશિયન જોડીને હરાવી હતી.



ફાઈનલ મેચની શરૂઆતમાં, હી જી ટીંગ અને રેન ઝિયાંગ યુની ચીની જોડીએ ખૂબ જ આક્રમક રમત રમી. તેમણે સાત્વિક અને ચિરાગને કોઈ તક આપી નહીં અને પહેલી ગેમ ૨૧-૧૧ થી સરળતાથી જીતી લીધી. જોકે, પહેલો સેટ ગુમાવ્યા બાદ ભારતીય જોડીએ હાર માની નહીં. બીજી ગેમમાં, સાત્વિક અને ચિરાગે ઉત્તમ સંકલન અને બુદ્ધિમત્તા સાથે રમીને વિરોધી ટીમ પર દબાણ બનાવ્યું. પરિણામે, તેમણે બીજી ગેમ ૨૧-૧૩ થી જીતી, મેચ ૧-૧ થી બરાબર કરી.

ત્રીજી અને અંતિમ ગેમમાં બંને ટીમો વચ્ચે જોરદાર મુકાબલો જોવા મળ્યો, પરંતુ ભારતીય જોડીએ નિર્ણાયક ક્ષણોમાં પોતાનું સંયમ જાળવી રાખ્યું. સાત્વિક અને ચિરાગે મેચના દબાણને ખૂબ જ સારી રીતે સંભાળ્યું અને ૨૧-૧૭ થી રમત જીતી. તેમની જીત સાથે, તેઓએ ચાઈના માસ્ટર્સ ટ્રોફી પણ જીતી. આ જીત સાથે, સાત્વિક અને ચિરાગે આખરે ૨૦૨૩ અને ૨૦૨૫ ની ફાઈનલમાં હારના દુખાવાને દૂર કર્યો.

ચાઈના માસ્ટર્સ ટુર્નામેન્ટ હંમેશા સાત્વિક અને ચિરાગ માટે મુશ્કેલ રહી છે. અગાઉ, ભારતીય જોડી ૨૦૨૩ અને ૨૦૨૫ માં ફાઈનલમાં પહોંચી હતી, પરંતુ બંને વખત રનર-અપ રહી હતી. આ વખતે પણ, તેઓએ ફાઈનલમાં ચીનની એક મજબૂત સ્થાનિક ટીમનો સામનો કર્યો હતો, પરંતુ સાત્વિક અને ચિરાગે ભારે દબાણ છતાં નોંધપાત્ર વાપસી કરી અને ટ્રોફી જીતી. ચીનની ધરતી પર આ જીત ભારતીય જોડી માટે એક મોટી સિદ્ધિ છે.

# સીપીએલમાં ઈમરાન તાહિરની ટીમની સતત છઠ્ઠી જીત : ઓલરાઉન્ડર મોહમ્મદ નબીએ ૪ વિકેટ લીધી

નવીદિલ્હી,

સીપીએલ ૨૦૨૬ ની ૨૮મી મેચ ગુયાના એમેઝોન વોરિયર્સ અને સેન્ટ કિટ્સ અને નેવિસ પેટ્રિઓટ્સ વચ્ચે રમાઈ હતી. આ મેચમાં, ગુયાનાએ સેન્ટ કિટ્સને સાત વિકેટથી હરાવીને સિઝનમાં સતત છઠ્ઠી જીત નોંધાવી. આ જીત સાથે, ઈમરાન તાહિરની કેપ્ટનશીપવાળી ગુયાના પ્લેઓફ માટે ક્વોલિફાય થઈ. તેમની ટીમ આ સિઝનમાં એક પણ મેચ હાર્યું નથી. આ મેચમાં ગુયાનાની જીતનો હીરો ૪૧ વર્ષીય અફઘાન ઓલરાઉન્ડર મોહમ્મદ નબી હતો. તેણે બેટ અને બોલ બંનેમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ગુયાના પહેલા, એન્ટિગુઆ અને બાર્બુડા ફાલ્કન્સ પહેલાથી જ પ્લેઓફ માટે ક્વોલિફાય થઈ ચૂક્યા હતા.



આ મેચમાં સેન્ટ કિટ્સને પ્રથમ બેટિંગ કરવાની તક આપવામાં આવી હતી. તેમની આખી ટીમ ૨૦ ઓવર સુધી બેટિંગ કરી શકી ન હતી, ૧૯.૨ ઓવરમાં ૧૨૮ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ટીમ માટે એલિક એથાનાસે સૌથી વધુ રન બનાવ્યા હતા. તેમણે ૩૯ બોલમાં બે ચોગ્ગા અને ચાર છગ્ગાની મદદથી ૫૨ રન બનાવ્યા હતા. કાયલ મેયર્સ અને દાસુન શનાકાએ ૨૦-૨૦ રનનું યોગદાન આપ્યું હતું. ઓપનર જોહ્નસન ચાર્લ્સે ૧૫ બોલમાં ૧૩ રન બનાવ્યા હતા.

# નાઈજીરીયાએ ઝિમ્બાબ્વેને રોમાંચક મેચમાં ૪ રનથી હરાવીને ૨૦૨૭ વર્લ્ડ કપ માટે ક્વોલિફાય કર્યું

નવીદિલ્હી,

નાઈજીરીયાની મહિલા ક્રિકેટ ટીમે રોમાંચક મેચમાં ઝિમ્બાબ્વેને ૪ રનથી હરાવીને ૨૦૨૭ અંડર-૧૯ ટી ૨૦ વર્લ્ડ કપમાં પોતાનું સ્થાન સુરક્ષિત કર્યું છે. સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન એક પણ મેચ હાર્યા વિના ક્વોલિફાય કરનાર નાઈજીરીયા આફ્રિકાની એકમાત્ર ટીમ બની. ટીમ હવે દક્ષિણ આફ્રિકાની સાથે વર્લ્ડ કપમાં તેના ખંડનું પ્રતિનિધિત્વ કરશે. બાંગ્લાદેશ અને નેપાળ આ મુખ્ય ટુર્નામેન્ટનું આયોજન કરી રહ્યા છે.




મેચમાં પ્રથમ બેટિંગ કરતા, નાઈજીરીયાએ મુશ્કેલ પીચ પર ૯૮ રન બનાવ્યા, જેમાં કેપ્ટન ક્રિસ્ટેબેલ ચુક્વુનીયે ૨૧, બ્યુટી ઓગુઈએ ૧૯ અને જેસિકા બિએનીએ ૧૫ રનનું યોગદાન આપ્યું. ઝિમ્બાબ્વે તરફથી ક્રિસ્ટીન મુટાસાએ બે અને તાદિવાનાશે ગારુત્સાએ એક વિકેટ લીધી. જવાબમાં, નાઈજીરીયાના બોલરોએ શાનદાર અને સચોટ બોલિંગ કરી, ઝિમ્બાબ્વેને છેલ્લી ઓવરના પાંચમા બોલ પર ૯૪ રનમાં આઉટ કરીને વિજય મેળવ્યો.

૯૯ રનના લક્ષ્યનો પીછો કરતા, ઝિમ્બાબ્વેએ અંત સુધી નિયંત્રણ જાળવી રાખ્યું. સેલેમ મુસેકાએ સૌથી વધુ ૨૭ રન બનાવ્યા, જ્યારે બેથેલ ગિનિયામાએ ૨૧ અને નિકોલેટ ન્યાકાએ ૧૮ રનનું યોગદાન આપ્યું. નાઈજીરીયાના બોલરોએ યોગ્ય સમયે વિકેટ લઈને દબાણ જાળવી રાખ્યું. અંતે, ઝિમ્બાબ્વે મહિલા ટીમ વિજયથી દૂર રહી. યુસૈન પીસ સૌથી સફળ બોલર રહી, તેણે ત્રણ વિકેટ લીધી. જેનિફર ગોડવિન અને એન્નોયેડ અખીગ્બેએ બે-બે વિકેટ લીધી જેથી તેમની ટીમ આ નાના કુલ સ્કોરનો બચાવ કરી શકે અને વિજય મેળવી શકે.

પ્લેઓફ મેચોમાં, પાંચમા સ્થાન માટેની મેચમાં તાંઝાનિયાએ કેન્યાને ૨૯ રનથી હરાવ્યું. પહેલા બેટિંગ કરતા, તાંઝાનિયાએ ૧૦૬ રન બનાવ્યા અને પછી કેન્યાને ૧૯ ઓવરમાં ફક્ત ૭૭ રનમાં ઓલઆઉટ કરી દીધું.

# રિંકુ સિંહની કેપ્ટનશીપ હેઠળ મેરઠની ટીમ બની ચેમ્પિયન ફાઈનલ મેચમાં લખનૌને ૯૪ રનથી હરાવ્યું


મેરઠ,

યુપી ટી૨૦ લીગ ૨૦૨૬ ની ફાઈનલમાં, રિંકુ સિંહની કેપ્ટનશીપ હેઠળ મેરઠ મેવેરિક્સે ભુવનેશ્વર કુમારની લખનૌ ફાલ્કન્સને ૯૪ રનથી હરાવ્યું. લખનૌના એકાના સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં, મેરઠ શરૂઆતથી જ પ્રભુત્વ ધરાવતું રહ્યું અને પહેલી વાર ફાઈનલ રમી રહેલા લખનૌને વાપસીની કોઈ તક આપી નહીં. નોંધનીય છે કે મેરઠ સતત ચોથી વખત આ લીગની ફાઈનલમાં પહોંચ્યું. રિંકુ સિંહે અગાઉ દુલીપ ટ્રોફીમાં ઉપ-કેપ્ટન તરીકે સેવા આપી હતી.



મેરઠ મેવેરિક્સના કેપ્ટન રિંકુ સિંહે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો. ઓપનર સ્વસ્તિક ચિકારા અને દિવ્યાંશ જોશીએ ૫૩ રનની ઝડપી ઓપનિંગ ભાગીદારી કરી. ત્યારબાદ ઓપનર દિવ્યાંશ જોશીએ ધમાકેદાર પ્રદર્શન કર્યું અને લખનૌના બોલરોને ચકનાચૂર કર્યા. તેણે અનુભવી બોલર ભુવનેશ્વર કુમાર સહિત આખી ટીમ પર હુમલો કર્યો અને માત્ર ૪૦ બોલમાં ૧૨ ચોગ્ગા અને ૭ છગ્ગા ફટકારીને ૧૦૫ રનની ધમાકેદાર સદી ફટકારી. જોશીની શાનદાર સદીથી મેરઠ મેવેરિક્સે ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૨૦૩ રનનો મજબૂત સ્કોર બનાવ્યો. ૨૦૪ રનના વિશાળ લક્ષ્યનો પીછો કરતી વખતે, લખનૌ ફાલ્કન્સ દબાણ હેઠળ તૂટી પડ્યું. લખનૌનો કોઈ પણ બેટ્સમેન મેરઠની ચુસ્ત બોલિંગ સામે ટકી શક્યો નહીં, અને ટીમની વિકેટ પડતી રહી. અજિત વર્માએ થોડો પ્રતિકાર દર્શાવ્યો, ૨૪ બોલમાં ૩૯ રન બનાવ્યા, પરંતુ તેમના રનઆઉટથી લખનૌની બાકીની આશાઓ ખતમ થઈ ગઈ. મેરઠના બોલર વિશાલ ચૌધરીએ ઘાતક બોલિંગ કરી, ૨૪ રનમાં ૪ વિકેટ લીધી, જેનાથી લખનૌનો મધ્યમ ક્રમ તૂટી ગયો. લખનૌ ફાલ્કન્સ આખરે માત્ર ૧૬ ઓવરમાં ૧૦૯ રનમાં ઓલઆઉટ થઈ ગયુ.

# હાર્દિક પંડ્યા સાથેનો વીડિયો વાયરલ થતા બોલીવુડ અભિનેત્રી અમીષા પટેલ નારાજ





મુંબઇ,

બોલીવુડ અભિનેત્રી અમીષા પટેલ તાજેતરમાં મુંબઈની તાજ પેલેસ હોટેલમાં જોવા મળી હતી, જ્યાં સ્ટાર ક્રિકેટર હાર્દિક પંડ્યા પણ હાજર હતો. આ દરમિયાન, અમીષા અને હાર્દિક ગપસપ કરતા જોવા મળ્યા, જેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો. વીડિયોમાં, અમીષા હાર્દિક પંડ્યાને તેના મિત્રો સાથે પરિચય કરાવતી જોવા મળી. આ વીડિયો સામે આવતાની સાથે જ કેટલાક સોશિયલ મીડિયા યુઝર્સે દાવો કરવાનું શરૂ કરી દીધું કે બંને વચ્ચે મિત્રતા કરતાં પણ વધુ કંઈક હતું. અમિષાએ હવે આ અફવાઓનો જવાબ આપ્યો છે.એક યુઝરે અમિષા અને હાર્દિક પંડ્યાની વાતચીતનો ક્લિપ શેર કર્યો, જે સૂચવે છે કે તેમની વાતચીત ફક્ત મિત્રતા કરતાં પણ વધુ હતી. યુઝરે તેમની વાતચીત દરમિયાન એક ક્ષણ તરફ ધ્યાન દોર્યું જ્યારે અમિષાએ હાર્દિક પંડ્યાના ખભા પર હાથ મૂક્યો. અમિષાએ આ પોસ્ટ જોતાં જ તે ગુસ્સે થઈ ગઈ. તેણે સોશિયલ મીડિયા યુઝરની એક સામાન્ય, મૈત્રીપૂર્ણ હાવભાવને રોમાંસ સાથે ભેળસેળ કરવા બદલ ટીકા કરી.એક્સ યુઝરે અમિષા પટેલ અને હાર્દિક પંડ્યાની વાતચીતનો એક વિડિયો શેર કર્યો, જેમાં લખ્યું, "બેંગલુરુની એક હોટલમાં પાર્ટી દરમિયાન અમિષાએ જે રીતે હાર્દિકના ખભા પર હાથ મૂક્યો તે રેડિટ પર ફેલાતી અફવાઓની પુષ્ટિ કરે છે."

# પ્રિયંકા ચોપરાએ બિગ બોસ-૨૦ ની સફર માટે મેરી કોમને શુભકામનાઓ પાઠવી

મુંબઇ,

ભારતની સૌથી પ્રખ્યાત બોક્સર, મેરી કોમ, સલમાન ખાનના રિયાલિટી શો 'બિગ બોસ ૨૦' માં ભાગ લેનારા ટીવી કલાકારો અને કન્ટેન્ટ સર્જકોમાંની એક છે. તેણીને ટેકો આપવા માટે, બોલિવૂડ અભિનેત્રી પ્રિયંકા ચોપરાએ તેણીને એક ખાસ સંદેશ મોકલ્યો, જેમાં તેણીને ઉત્સાહિત કરવામાં આવ્યો. દેશી ગર્લનો આ વીડિયો સૌપ્રથમ બિગ બોસ સીઝન ૨૦ ના ગ્રાન્ડ પ્રીમિયર દરમિયાન ટીવી પર બતાવવામાં આવ્યો હતો. ત્યારબાદ નિર્માતાઓએ પ્રિયંકાના આ વીડિયોને સોશિયલ મીડિયા પર શેર કર્યો, જેમાં તે મેરી કોમને ટેકો આપતી જોવા મળે છે.





મેરી કોમ બિગ બોસના ઘરમાં પ્રવેશ કરે તે પહેલાં, હોસ્ટ સલમાન ખાને ખુલાસો કર્યો કે એક શુભેચ્છકે તેણીને એક ખાસ સંદેશ મોકલ્યો હતો. ત્યારબાદ પ્રિયંકાનો એક વીડિયો સંદેશ ચલાવવામાં આવ્યો હતો, જેમાં તેણીએ કહ્યું હતું કે, "હું તમને બધાને ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું. તમે બિગ બોસના ઘરમાં પ્રવેશ કરી રહ્યા છો, અને હું જાણું છું કે તમે કેટલા મજબૂત અને દૃઢ નિશ્ચયી છો."

પ્રિયંકા ચોપરાએ આગળ કહ્યું, "બીજા ઘરના સભ્યો માટે એક નાની ચેતવણીઃ જો તમે મેરી સામે ટકી રહેવા માંગતા હો, તો લાંબા અંતર માટે તૈયાર રહો. તેનો પરાજય ખૂબ મોંઘો છે. મેરી, ફક્ત તમારી જાત બનો, ખુલ્લા હૃદયથી રમો. હું ખરેખર તમારી સફરની રાહ જોઈ રહી છું. ઘણો પ્રેમ, અને હું હંમેશા તમારા માટે પ્રાર્થના કરું છું."પ્રિયંકાએ ભારતીય બોક્સર મેરી કોમની બાયોપિકમાં મેરી કોમની ભૂમિકા ભજવી હતી. ઓમંગ કુમાર દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મમાં પ્રિયંકા ચોપરા અને દર્શન કુમાર મુખ્ય ભૂમિકામાં હતા. સુનીલ થાપાએ પણ મુખ્ય ભૂમિકા ભજવી હતી. ૨૦૧૪ માં રિલીઝ થયેલી આ ફિલ્મને સકારાત્મક સમીક્ષાઓ મળી હતી અને તે સમયે મહિલા-પ્રમુખ ભારતીય ફિલ્મ માટે સૌથી વધુ ઓપનિંગ સપ્તાહના કમાણીનો રેકોર્ડ બનાવ્યો હતો. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સફળ રહી હતી અને તેને સંપૂર્ણ મનોરંજન પૂરું પાડતી શ્રેષ્ઠ લોકપ્રિય ફિલ્મનો રાષ્ટ્રીય પુરસ્કાર પણ મળ્યો હતો.'બિગ બોસ ૨૦' ના પ્રીમિયરમાં, મેરીએ તેના બાળકોને સલમાન ખાન સાથે પરિચય કરાવ્યો. હોસ્ટ સાથે તેના પુત્રોની રમૂજી વાતચીત સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. ભારતીય બોક્સરે વધુ સમય બગાડ્યો નહીં, અને પહેલા જ દિવસે, તેણી ગાયક કાઝી તૌકીર સાથે પથારીને લઈને દલીલમાં પડી ગઈ.

# શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સ | વિ | ર | કા | ણિ | કા | ત | ળ | શિ | ણિ | ગી | મ |
| ર | ચા | સા | ત | ફુ | ળો | ળ | ક્ષ | ઇ | સ | બા | ધ |
| વા | ર | ક | તુ | ણે | મો | ક | વિ | રો | ર | અઃ | ક |
| ળો | ણા | જી | કી | મા | દ | બં | જી | સા | બા | જ્ઞા | ડો |
| ળો | ઔ | શિ | કા | ર | મા | રો | ખ | ણ | ક | બૂ | ર |
| કા | ગ | વિ | ક્ષ | ગ | શિ | ગ | હા | મો | પ્ર | ણ | બા |
| વા | ર | જ્ઞા | સ | ણ | હિ | તી | ર | ભો | કા | કા | સ |
| દ | અ | ન | ક | સ | મા | ડો | બં | ર | ભા | પ્ર | અઃ |
| ર | કા | ણ | ક | રી | ઔ | ક | ધ | ણે | ર | શિ | વા |
| બ | કા | ઊ | હા | કા | સ | ન | સા | લ | સ | બ | બૂ |
| ર | ફ | ભા | ગં | ધ | બિ | સા | મા | ર | ઔ | સ | ર |
| ળ | ભો | વિ | કુ | ણ | કા | ક્ષ | બા | શિ | બૂ | ગ | ગી |

શબ્દ શોધો

મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ, હારબંધ

# અભિનેતા ગોવિંદાએ મુંબઈમાં યોજાયેલ યુવા શક્તિ દહીં હાંડી કાર્યક્રમમાં હાજરી આપી

મુંબઈ,

ગોવિંદા છેલ્લા કેટલાક મહિનાઓથી તેમની પત્ની સુનિતા આહુજા સાથેના વૈવાહિક મુશ્કેલીઓ અને કોમલ રાની સાથેની તેમની આગામી ફિલ્મ "રૂપા" ની અફવાઓને કારણે સમાચારમાં છે. જ્યારે સુનિતા આહુજાએ ગોવિંદા પર ઘણા ગંભીર આરોપો લગાવ્યા છે, ત્યારે અભિનેતાએ આ બાબતે મૌન રહ્યા છે, ફક્ત તેમની આગામી ફિલ્મ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે, જેમાં તેઓ વાપસી કરી રહ્યા છે. દરમિયાન, ગોવિંદાએ અભિનયમાં પાછા ફરવા વિશે વાત કરી છે. શનિવારે મુંબઈમાં "યુવા શક્તિ દહીં હાંડી" કાર્યક્રમમાં હાજરી આપતા ગોવિંદાએ ખુલાસો કર્યો કે એક નહીં, પરંતુ બે ફિલ્મો એક પછી એક રિલીઝ થઈ રહી છે. તેમણે એવી




બાબતોનો પણ ઉલ્લેખ કર્યો જે તેઓ સુધારવા માંગે છે. જોકે, તેમણે કોઈનું નામ લીધું નથી.

કાર્યક્રમ પછી મીડિયા સાથે વાત કરતા, ગોવિંદાએ તેમના અંગત જીવનમાં ચાલી રહેલી સમસ્યાઓનો ઉલ્લેખ કરતા કહ્યું, "ઘણી બધી બાબતો આકાશમાં લખાયેલી છે. હું દેવી માતાને પ્રાર્થના કરું છું કે તે સાફ થાય, અને ગોવિંદા તેમને સાફ કરે." જોકે ગોવિંદાએ વાતચીત દરમિયાન કોઈનું નામ લીધું ન હતું, પરંતુ આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ગોવિંદાનું અંગત જીવન સતત હેડલાઈન્સમાં રહે છે. ગોવિંદાની પત્ની સુનિતા આહુજાએ તેમના પર અનેક ગંભીર આરોપો લગાવ્યા છે. તાજેતરમાં, રાખી સાવંત સાથે વાત કરતી સુનિતાનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં તેણી ગોવિંદા પર બીજા લગ્ન કરવાની યોજના બનાવવાનો આરોપ લગાવતી સાંભળવા મળી હતી.આ વાતચીત દરમિયાન, ગોવિંદાએ તેમના ચાહકો પાસેથી પણ સમર્થન માંગ્યું. તેમણે તેમના તરફથી મળેલા સમર્થન વિશે વાત કરી. દહીં હાંડી ઉત્સવમાં ભીડ અને વાતાવરણનો ઉલ્લેખ કરતા ગોવિંદાએ કહ્યું, "મને તમારા સમર્થન અને સહકારની જરૂર છે.

# કૈલાશ ખેરે સમય રૈના અને શેરોન વર્માના બિહારી-કાશ્મીરી જોક્સ પર નારાજગી વ્યક્ત કરી

મુંબઇ,

ગાયક કૈલાશ ખેરે સ્ટેન્ડ-અપ કોમેડી શો "ઇન્ડિયાઝ ગોટ લેટેન્ટ" પર બિહાર અને કાશ્મીર સંબંધિત જોક્સ પર ટીકા વચ્ચે લોકોને જાગૃતિ અને સભ્યતા જાળવવા અપીલ કરી છે. તેમણે લોકોને સભાન અને નમ્ર બનવાની અપીલ કરી છે. ઈન્ડિયા'ઝ ગોટ ટેલેન્ટ સીઝન ૨ માં સમય રૈના અને હાસ્ય કલાકાર શેરોન વર્મા વચ્ચે થયેલી વાતચીતની ટીકા વચ્ચે કૈલાશ ખેરનો આ પ્રતિભાવ આવ્યો છે. બિહાર અને કાશ્મીર સંબંધિત મજાકને કારણે આ શોમાં રાજકીય ચર્ચા પણ શરૂ થઈ હતી. પહેલી સીઝનના સ્પર્ધક શેરોન વર્મા, સમય રૈના, ઓરી, નિશાંત સુરી અને અર્ચના પૂરણ






સિંહ સાથે પેનલિસ્ટ તરીકે એપિસોડમાં જોડાયા હતા.કૈલાશ ખેરને કાશ્મીરી પંડિતો અને બિહારીઓ સંબંધિત નિવેદનોની હાસ્ય કલાકાર દ્વારા કરવામાં આવેલી મજાક અને સ્ટેન્ડ-અપ કોમેડી અંગે સોશિયલ મીડિયા પર ચાલી રહેલી ચર્ચા વિશે પૂછવામાં આવ્યું. કૈલાશ ખેરે પોતાની નારાજગી વ્યક્ત કરતા કહ્યું "જુઓ, જો હું તમને સંગીત વિશે કહું, તો સંગીત ફક્ત એક સૂર નથી; તે એવી વસ્તુ છે જે તમને હસાવી શકે છે. તે એક પ્રકારની શિસ્ત પણ છે." તેથી જ તમારે સંગીતને વળગી રહેવું જોઈએ. જો તમારું સંગીત યોગ્ય નથી, તો તમે કોઈની મજાક ઉડાવી શકો છો.

# ફ્રાન્સના પ્રથમ પરંપરાગત હિન્દુ મંદિરની મહંત સ્વામી મહારાજના હસ્તે પ્રાણપ્રતિષ્ઠા સંપન્ન

## પ્રતિષ્ઠાવિધિ પ્રંસગે મોટી સંખ્યામાં ભક્તો-ભાવિકો ઊમટ્યા



રાજકોટ,ફ્રાન્સના પ્રથમ પરંપરાગત હિન્દુ મંદિર – બી.એ.પી.એસ. સ્વામિનારાયણ હિન્દુ મંદિર, પેરિસ –નો બી.એ.પી.એસ.ના આધ્યાત્મિક વડા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ દ્વારા ઐતિહાસિક પ્રાણપ્રતિષ્ઠા વિધિ સંપન્ન થયો હતો. ફ્રાન્સ અને વિશ્વભરના હરિભક્તો, સ્વયંસેવકો અને શુભેચ્છકોની વર્ષોની સમર્પિત સેવાથી સાકાર થયેલા આ મંદિરનો વૈદિક પરંપરા અનુસાર થયેલો પ્રાણપ્રતિષ્ઠા વિધિ ફ્રાન્સમાં સનાતન ધર્મ અને ભારતીય સંસ્કૃતિ માટે એક ઐતિહાસિક સીમાચિહ્ન છે.

સવારે ૬:૪૫ થી ૯ દરમિયાન વૈદિક મંત્રોચ્ચાર અને મહાપૂજા સાથે મહંત સ્વામી મહારાજે મંદિરમાં સનાતન ધર્મના વિવિધ અવતાર સ્વરૂપોની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા કરી હતી અને ત્યારબાદ પ્રથમ આરતી ઉતારી હતી. વેદોક્ત વિધિપૂર્વક - શ્રી અક્ષર- પુરુષોત્તમ મહારાજ (ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુણાતીતાનંદ સ્વામી); ભગવાન શ્રી રાધા-કૃષ્ણ; ભગવાન શ્રી સીતા-રામ, શ્રી હનુમાનજી અને લક્ષ્મણજી; ભગવાન શંકર અને પાર્વતીજી, શ્રી ગણેશજી શ્રી કાર્તિકેયજી; સ્વામી શ્રી અયપ્પાજી; ભગવાન શ્રી પદ્માવતી – વેંકટેશ્વરજી - સ્વરૂપોની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

આ પ્રાણપ્રતિષ્ઠા સાથે અડધી સદીથી પણ વધુ સમય પહેલાં સેવાયેલો સંકલ્પ સાકાર થયો હતો. ૧૯૭૦માં પરમ પૂજ્ય યોગીજી મહારાજે પેરિસમાં મંદિર નિર્માણ માટે આશીર્વાદ આપ્યા હતા. ત્યારબાદ તેમના આધ્યાત્મિક અનુગામી પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે આ સંકલ્પને પોષ્યો અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના માર્ગદર્શન હેઠળ તે સાકાર થયો છે. આ યાત્રાનું સ્મરણ કરતાં મહંત સ્વામી મહારાજે યોગીજી મહારાજને સંબોધીને લખેલો વ્યક્તિગત પત્ર વાંચ્યો હતો અને પેરિસમાં મંદિર નિર્માણ થાય તે માટેના તેમના સંકલ્પને શ્રદ્ધાંજલિ અર્પી. તેમણે પોતાને અને પ્રમુખસ્વામી મહારાજને ગુરુની ઈચ્છા પૂર્ણ કરવાના નિમિત્તરૂપ ગણાવ્યા અને મંદિરના નિર્માણમાં યોગદાન આપનાર સૌની સેવાને યોગીજી મહારાજના ચરણોમાં અર્પણ કરી હતી. આ મંદિર બુસી-સેંટ-જ્યોર્જેસના સાંસ્કૃતિક પરિદૃશ્યમાં એક નૂતન નજરાણું છે.

મૂર્તિપ્રતિષ્ઠા બાદ મહંત સ્વામી મહારાજે ફ્રાન્સ અને સમગ્ર વિશ્વની સુખાકારી અને શાંતિ માટે પ્રાર્થના કરી હતી. પોતાના આશીર્વચનમાં તેમણે મંદિરના નિર્માણમાં યોગદાન આપનાર સૌ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી, મંદિરને સાકાર કરવા માટે પ્રમુખસ્વામી મહારાજના સ્મરણ કર્યું હતું અને સૌને મંદિરનો લાભ લેવા તથા શ્રદ્ધા અને ભક્તિથી સેવા કરવાની પ્રેરણા આપી હતી. બુસી-સેંટ-જ્યોર્જેસ અને પેરિસમાં ૧૩ દિવસીય 'ફેસ્ટિવલ ઓફ કલ્ચર' (પેરિસ મંદિર મહોત્સવ) અંતર્ગત ભક્તિમય, સાંસ્કૃતિક જાહેર કાર્યક્રમો દ્વારા મંદિરના લોકાર્પણની ઉજવણી થઈ રહી છે. રવિવારની સાંજે મહાનુભાવો, આમંત્રિત અતિથિઓ, સ્વયંસેવકો અને શુભેચ્છકોની ઉપસ્થિતિમાં વિશેષલોકાર્પણ સભા યોજાશે.

# જન્માષ્ટમી પર્વમાં શ્રી ખોડલધામ મંદિરે લાખો શ્રદ્ધાળુઓએ મા ખોડલના દર્શન કર્યા

## શ્રી ખોડલધામ મંદિરે શ્રી કૃષ્ણ જન્મોત્સવની ઉલ્લાસભેર ઉજવણી





રાજકોટ,

શ્રી ખોડલધામ મંદિરે દેશ-વિદેશમાંથી અનેક શ્રદ્ધાળુઓ મા ખોડલના દર્શનાર્થે આવી રહ્યા છે. ખાસ કરીને તહેવારના દિવસોમાં મંદિરે ભક્તોનું ઘોડાપૂર ઉમટતું હોય છે. વેકેશનમાં દરરોજ લાખોની સંખ્યામાં લોકો ખોડલધામ મંદિરે ઉમટી પડતાં હોય છે.

ત્યારે આ વર્ષે જન્માષ્ટમીના પર્વમાં શ્રી ખોડલધામ મંદિરે ઠેર ઠેરથી શ્રદ્ધાળુઓ મા ખોડલના દર્શનાર્થે આવ્યા હતા. આ વર્ષે સાતમ-આઠમના તહેવારમાં લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ખોડલધામ મંદિરે દર્શન માટે ઉમટ્યા હતા અને મા ખોડલના દર્શન કરીને વેકેશનની મજા માણી હતી.શ્રી ખોડલધામ મંદિર ખાતે જન્માષ્ટમીના તહેવારને લઈને ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું હતું. જન્માષ્ટમીના તહેરવામાં ગુજરાત અને દેશભરમાંથી લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવ્યા હતા અને બહોળી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ અન્નપૂર્ણાલયમાં ભોજન પ્રસાદ લીધો હતો. તહેવારમાં બહોળી સંખ્યામાં લોકો દર્શનાર્થે આવતાં હોવાથી દરરોજ ૨૫૦ જેટલા સ્વયંસેવકોએ શ્રી ખોડલધામ મંદિરે સેવા આપી હતી. સ્વયંસેવકોએ તહેવારની ઉજવણી પરિવાર સાથે કરવાને બદલે શ્રી ખોડલધામ મંદિરે સેવા આપી હતી.

જન્માષ્ટમીના તહેવારને લઈને મંદિર પરિસરને ફૂલોથી શણગાર કરવામાં આવ્યું હતું. માતાજીને દરરોજ અવનવા શણગાર કરવામાં આવ્યા હતા. મંદિરે પધારતા દર્શનાર્થીઓએ મા ખોડલના દર્શન કરીને મંદિર પરિસરમાં આવેલા ગાર્ડન, ગજીબા અને શક્તિવનમાં પરિવાર સાથે રજાની મજા માણી હતી.શ્રી ખોડલધામ મંદિરની આસપાસ ૪ જેટલા મોટા પાર્કિંગ રાખવામાં આવ્યા હતા જેથી દર્શને આવતા ભક્તો પોતાના વાહનો વ્યવસ્થિત પાર્ક કરી શકે. સિનિયર સિટીઝન અને દિવ્યાંગો માટે વ્હીલચેરની નિઃશુલ્ક સુવિધા રાખવામાં આવી હતી. મંદિરે દર્શને આવેલા તમામ શ્રદ્ધાળુઓને ચા-પાણીનો પ્રસાદ નિઃશુલ્ક આપવામાં આવ્યો હતો. નેશનલ હાઈવે થી લઈને મંદિર સુધી સ્વયંસેવકો અને પોલીસનો ચુસ્તબંદોબસ્ત રાખવામાં આવ્યો હતો. શ્રાવણ સુદ- આઠમના દિવસે શ્રી ખોડલધામ મંદિર સ્ટાફ દ્વારા શ્રી કૃષ્ણ જન્મોત્સવની પણ ઉલ્લાસભેર ઉજવણી કરી હતી. શ્રી રાધા-કૃષ્ણની આરતી કરીને મટકી ફોડીને સ્ટાફગણ દ્વારા શ્રી કૃષ્ણ જન્મોત્સવ ઉજવાયો હતો.

# પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની ૨૫ વર્ષની જાહેર જીવનની યાત્રા સેવા, સંકલ્પ અને રાષ્ટ્ર સમર્પણની પ્રેરણાદાયી ગાથા છે - શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

## સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત વિવિધ કાર્યક્રમોની રૂપરેખા અને પૂર્વતૈયારીના ભાગરૂપે આજે ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની અધ્યક્ષતામાં વડોદરા મહાનગર ભાજપાની કાર્યશાળા યોજાઈ





રાજકોટ:

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, ૨૦૦૧ થી ૨૦૧૪ ગુજરાતના મુખ્યમંત્રી તથા ૨૦૧૪ થી દેશના પ્રધાનમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીને સેવા અને સમર્પણના અવિરત ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે કેન્દ્રીય ભાજપાની કાર્યયોજના હેઠળ તા. ૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર દરમિયાન ભાજપા દ્વારા રાષ્ટ્રવ્યાપી 'સેવા સંકલ્પ અભિયાન'નું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાનના આયોજન અને વિવિધ કાર્યક્રમોની રૂપરેખા અને પૂર્વતૈયારીના ભાગરૂપે આજે ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની અધ્યક્ષતામાં વડોદરા મહાનગર ભાજપાની કાર્યશાળા યોજાઈ હતી.વડોદરા મહાનગર ભાજપા કાર્યાલય 'નમો કમલમ' ખાતે આયોજિત કાર્યશાળામાં સંબોધન કરતા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીની ૨૫ વર્ષની જાહેર જીવનની યાત્રા સેવા, સંકલ્પ અને રાષ્ટ્ર સમર્પણની પ્રેરણાદાયી ગાથા છે. સામાન્ય પરિવારમાંથી આવીને ગુજરાતના મુખ્યમંત્રી અને ત્યારબાદ દેશના વડાપ્રધાન તરીકે તેમણે પોતાની કાર્યશૈલી, નિર્ણાયક નેતૃત્વ અને જનકલ્યાણની નીતિઓથી ગુજરાત તેમજ દેશના વિકાસને નવી ગતિ અને નવી દિશા આપી છે. તેમના નેતૃત્વમાં દેશે વિકાસ, સુશાસન, ગરીબ કલ્યાણ, રાષ્ટ્રીય સુરક્ષા, માળખાકીય સુવિધાઓ અને આત્મનિર્ભરતાના ક્ષેત્રો અનેક ઐતિહાસિક સિદ્ધિઓ હાંસલ કરી છે.

શ્રી વિશ્વકર્માએ વધુમાં જણાવ્યું હતું કે, 'સેવા સંકલ્પ અભિયાન' માત્ર કાર્યક્રમોની શ્રેણી નથી, પરંતુ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સેવાકીય જીવન અને રાષ્ટ્રનિર્માણના સંકલ્પને જનજન સુધી પહોંચાડવાનું અભિયાન છે. આ અંતર્ગત યોજાનારા વિવિધ કાર્યક્રમોનું આયોજન મહાનગરના દરેક સ્તરે સુવ્યવસ્થિત અને અસરકારક રીતે થાય તે માટે તેમણે સંગઠનના પદાધિકારીઓ, આગેવાનો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ તથા કાર્યકરોને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું તેમજ કેન્દ્ર અને રાજ્યની ભાજપા સરકાર દ્વારા જનહિતમાં કરવામાં આવેલા વિકાસકાર્યોની માહિતી અને લોકકલ્યાણની યોજનાઓનો લાભ સમાજના અંતિમ વ્યક્તિ સુધી પહોંચે તે માટે સૌને સંકલિત પ્રયાસ કરવા આહ્વાન કર્યું હતું.

વડોદરા મહાનગરની કાર્યશાળામાં રાજ્ય સરકારના મંત્રી શ્રીમતી મનીષાબેન વકીલ, પ્રદેશ મહામંત્રી શ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ, ભાજપા યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ. હેમાંગભાઈ જોશી, પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી રસિકભાઈ પ્રજાપતિ, શહેર ભાજપ પ્રમુખ શ્રી જયપ્રકાશ સોની, મેયર શ્રીમતી ગીતાબેન મકવાણા, અભિયાનની પ્રદેશ ટીમના સભ્ય શ્રી કેયુરભાઈ રોકડીયા, ધારાસભ્યશ્રીઓ, સંગઠનના પદાધિકારીઓ, આગેવાનો, નગરસેવકો અને અપેક્ષિત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# ઉત્કૃષ્ટ શૈક્ષણિક સિદ્ધિ પ્રાપ્ત કરનાર ગાર્ડી વિદ્યાપીઠના વિદ્યાર્થીઓનું દેવાંગ મહેતા IT એવોર્ડથી સન્માન










રાજકોટ:

ગાર્ડી વિદ્યાપીઠ સંચાલિત બી. એચ. ગાર્ડી કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી કોલેજના બેચલર ઓફ એન્જીનીયરિંગના ત્રીજા, પાંચમાં અને સાતમાં સેમેસ્ટરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાંથી ઉત્કૃષ્ટ શૈક્ષણિક સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓને પ્રતિષ્ઠિત 'દેવાંગ મહેતા IT એવોર્ડ્સ ૨૦૨૬' અંતર્ગત GTU Topper Award થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી GTU ના સંયુક્ત ઉપક્રમે આયોજિત દેવાંગ મહેતા IT એવોર્ડ્સ ૨૦૨૬ એ ટેક્નોલોજી અને શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતું આયોજન છે. આ સન્માન વિદ્યાર્થીની શૈક્ષણિક શ્રેષ્ઠતા, સતત મહેનત, પ્રતિબદ્ધતા અને પ્રતિભાની નોંધપાત્ર સ્વીકૃતિ છે. આ આયોજન ગત માસમાં અમદાવાદ ખાતે કરવામાં આવેલું. આ સાથે વિદ્યાર્થીએ ëMaverick Effect AI Challengeí નામની સ્પર્ધામાં પણ ઉત્સાહપૂર્વક ભાગ લઈ કૃત્રિમ બુદ્ધિમત્તા (Artificial Intelligence) ક્ષેત્રે પોતાની સર્જનાત્મકતા, ટેક્નિકલ જ્ઞાન અને નવીન વિચારસરણીનું પ્રદર્શન કર્યું હતું. શૈક્ષણિક અભ્યાસની સાથે આ પ્રકારની પ્રેક્ટિકલ લર્નિંગ બેઈઝ્ડ સ્પર્ધાઓમાં ભાગ લેવાથી વિદ્યાર્થીમાં નવી ટેક્નોલોજી પ્રત્યેની સમજ, સમસ્યા ઉકેલવાની ક્ષમતા અને નવીન અભિગમનો વિકાસ થાય છે.

ગાર્ડી વિદ્યાપીઠ હંમેશાં વિદ્યાર્થીઓને માત્ર શૈક્ષણિક ક્ષેત્રે જ નહીં, પરંતુ ટેક્નોલોજી, સંશોધન, અને કૌશલ્ય વિકાસના ક્ષેત્રોમાં આગળ વધવા માટે પ્રોત્સાહિત કરે છે. વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓ, હેકેથોન અને વિવિધ ટેકનિકલ તેમજ ઉત્તર પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે જરૂરી માર્ગદર્શન અને તકો પૂરી પાડવામાં આવે છે. વિદ્યાર્થીઓને આ સિદ્ધિ બદલ સંસ્થાના મેનેજીંગ ડાયરેક્ટર શ્રી જય મહેતા, પ્રિન્સીપાલ ડૉ.વિમલકુમાર પટેલ તેમજ સમગ્ર કોલેજના સ્ટાફ મિત્રોએ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

# સોમનાથ મહાદેવને સુકામેવાનો કરાયો દિવ્ય, અલૌકિક શ્રૃંગાર



વેરાવળ,

પ્રથમ જ્યોતિર્લિંગ દેવાધિદેવ સોમનાથ મહાદેવના સાનિધ્યમાં પવિત્ર શ્રાવણ માસ અંતર્ગત શ્રાવણર કૃષ્ણ ષષ્ઠીના શુભ દિને મહાદેવને વિવિધ સુકામેવાનો (ડ્રાયફ્રૂટ્સ) અલૌકિક અને મનોહર શૃંગાર અર્પણ કરવામાં આવ્યો હતો. આ શૃંગાર માત્ર દર્શન પૂરતો સીમિત ન રહેતાં, માનવજીવન માટે તપ, સમર્પણ અને ધીરજનો ગૂઢ આધ્યાત્મિક સંદેશ આપે છે.

જેમ કોઈ સામાન્ય ફળ આકરા તડકા, તાપ અને કઠિન પ્રક્રિયામાંથી પસાર થયા પછી જ અમૂલ્ય 'સુકોમેવો' બની ઉત્કૃષ્ટ પોષણ આપે છે; ઠીક તેમ જ માનવજીવનમાં આવતા સંઘર્ષો અને દુઃખો જીવને ઈશ્વરીય તત્વ તરફ દોરી જતી સાધના સમાન છે.

વિપરીત પરિસ્થિતિઓમાં પણ અડગ રહીને જે ભક્ત ધીરજ અને શ્રદ્ધા જાળવી રાખે છે, તેને મહાદેવ કાળક્રમે અંતઃશાંતિ અને કલ્યાણરૂપી સર્વોત્તમ ફળ પ્રદાન કરે છે. સંસારના તડકા-છાંયડા વચ્ચે આત્મબળ અને સંયમ ન ગુમાવવાની આ દિવ્ય પ્રેરણા આજના શૃંગાર દ્વારા ભાવિકો સુધી પહોંચાડવામાં આવી હતી.

શ્રાવણના પાવન દિવસોમાં દેશ-વિદેશથી ઉમટી પડેલા હજારો શ્રદ્ધાળુઓએ શિવજીના આ વિશિષ્ટ શૃંગારના દર્શન કરી ધન્યતા અને આંતરિક શાંતિનો અનુભવ કર્યો હતો.

# આપણી વિરાસત એવી ખાદીના કાપડમાંથી વિવિધ સુંદર અને ઉપયોગી વસ્તુઓ તૈયાર કરતું 'સંસ્કૃતિ સખી મંડળ'

## સરકારી મેળામાં પ્રથમ વાર જ જોડાઈને ખૂબ ઉત્સાહિત થતા શ્રી જલ્પાબેન વાઘેલા : લોકમેળામાં વ્યવસાય માટે આવવાથી અમારી કલાને બજારઅને ગ્રાહકવર્ગ મળ્યો છે : શ્રી જલ્પાબેન






રાજકોટ :સૌરાષ્ટ્રના લોકપ્રિય ઉત્સવ શ્રી કૃષ્ણ જન્માષ્ટમી નિમિત્તે રાજકોટમાં આયોજિત 'વિરાસતથી વિકાસ' લોકમેળામાં વિવિધ સાંસ્કૃતિક અને વ્યાપારિક પ્રવૃત્તિઓની ધમધમાટ જોવા મળી રહ્યો છે. આ લોકમેળામાં મહિલા સશક્તિકરણને વેગ આપવાના આશયથી 'શ્રાવણ ઉત્સવ' મેળો યોજવામાં આવ્યો છે, જે સખી મંડળો માટે પોતાની હસ્તકલાની ચીજવસ્તુઓનું પ્રદર્શન તથા વેચાણ કરવા માટે ઉત્તમ પ્લેટફોર્મ પૂરું પાડી રહ્યો છે. આ 'શ્રાવણ ઉત્સવ'માં ભાવનગરના 'સંસ્કૃતિ સખી મંડળ' દ્વારા ભાગ લેવામાં આવ્યો છે. મંડળના પ્રમુખ શ્રી જલ્પાબેન વાઘેલા છેલ્લા ત્રણેક વર્ષથી સખી મંડળ સાથે જોડાયેલા છે. તેમણે સરકારી મેળામાં પ્રથમ વાર જ ભાગ લીધો છે, જેને લઈને તેઓ ખૂબ ઉત્સાહિત છે. શ્રી જલ્પાબેન વાઘેલા અને તેમના સખી મંડળની મહિલાઓ દ્વારા આપણી પ્રાચીન વિરાસત કહી શકાય એવી ખાદીના કાપડમાંથી વિવિધ સુંદર અને ઉપયોગી વસ્તુઓ તૈયાર કરવામાં આવે છે. તેઓ ખાદીનું કાપડ ખરીદીને તેમાંથી બ્લાઉઝ, કુર્તી, બટવા, ચોલી, ડ્રેસ, દુપટ્ટા તેમજ બાળકોના ડ્રેસ તૈયાર કરે છે. આ વસ્ત્રોને વધુ આકર્ષક બનાવવા માટે તેના પર સુતરાઉ દોરા, મોતી, કાચ અને ટીકાની મદદથી બારીક ભરતગૂંથણની મનોરમ ડિઝાઈન તૈયાર કરવામાં આવે છે.

શ્રી જલ્પાબેને પોતાના અનુભવો વિશે જણાવ્યું હતું કે, સરકારી લોકમેળામાં વ્યવસાય માટે આવવાથી અમારી કલાને બજાર અને ગ્રાહકવર્ગ મળ્યો છે. આ પ્રકારના આયોજનોથી મહિલાઓને આર્થિક રીતે પગભર થવા માટે પ્રોત્સાહન પ્રાપ્ત થાય છે. મહિલા ઉત્કર્ષ અને સ્વરોજગારીની તકો પૂરી પાડવા બદલ આભાર વ્યક્ત કરતા તેમણે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર અને સ્થાનિક તંત્ર દ્વારા મહિલા સશક્તિકરણને બળ પૂરું પાડતા આવા વધુ ને વધુ આયોજનો ભવિષ્યમાં પણ સતત થતા રહે, તેવી અમારી લાગણી છે. આમ, સરકારી મેળાઓ થકી અનેક બહેનોના કૌશલ્યને યોગ્ય મંચ અને ઓળખ મળી છે.

આલેખન : માર્ગી મહેતા

# યાત્રાધામ વીરપુરમાં ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી

વીરપુર

યાત્રાધામ વીરપુરમાં ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જન્માષ્ટમીના પાવન પર્વને લઈને સમગ્ર વીરપુર શ્રીકૃષ્ણમય બન્યું હતું અને ઠેરઠેર શ્રીકૃષ્ણ જન્મના વધામણા કરવામાં આવ્યા હતા.

વીરપુરના મીણળવાવ ચોક ખાતે યોજાયેલા શ્રીકૃષ્ણ જન્મોત્સવમાં માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું. રાત્રે ૧૨ વાગ્યાના ટકોરે ભગવાન શ્રીકૃષ્ણનો જન્મોત્સવ ઉજવાયો હતો.આ પ્રસંગે "નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલ કી"ના નાદ સાથે હજારો ભાવિકોએ ભગવાન દ્વારકાધીશની ભક્તિભાવપૂર્વક મહા આરતીનો લ્હાવો લીધો હતો.

જન્મોત્સવની ઉજવણી દરમિયાન મટકીફોડ, રાસ-ગરબા, મહા આરતી અને મહાપ્રસાદ સહિતના વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. મટકીફોડ બાદ ભાવિકોને માખણ અને મિસરીનો મહાપ્રસાદ વિતરણ કરવામાં આવ્યો હતો.

શ્રીકૃષ્ણના જન્મોત્સવને લઈને વીરપુરમાં સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું હતું અને મોટી સંખ્યામાં ભાવિકોએ ભગવાન શ્રીકૃષ્ણના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# રાજકોટના વોર્ડ નં.૧૮માં જન્માષ્ટમી મહોત્સવ નિમિત્તે વિનામુલ્યે મિઠાઈ-ફરસાણનું વિતરણ

રાજકોટ,વંદે માતરમ ગ્રૂપ દ્વારા વોર્ડ નં. ૧૮ના વિધાનસભા ૭૦ દક્ષિણ રાજકોટના સમાવિષ્ટ વિસ્તારના જરૂરિયાતમંદ પરિવારોને જન્માષ્ટમી મહોત્સવ નિમિત્તે વિનામુલ્યે મિઠાઈ અને ફરસાણ વિતરણ કાર્યક્રમનુ દાતાઓના સહયોગથી આયોજન કરવામાં આવ્યું હતું.આશરે ૪૭૦ જરૂરીયાતમંદ પરિવારને લાભ મળ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા વંદે માતરમ ગ્રૂપના આયોજકો,સ્થાપક મનોજ પાલીયા શૈલેષભાઈ બુશા,સુરેશભાઈ બોઘાણી, પૂર્વ કોર્પોરેટર રાજુભાઈ ફળદુ, હેમંતભાઈ કપુરીયા, પૂર્વ કોર્પોરેટર હસુભાઈ સોરઠીયા,મહેશભાઈ વગેરેએ જહેમત ઉઠાવી હતી

# અમરેલી જિલ્લામાં ટ્રાન્સમિશન લાઈનથી અસરગ્રસ્ત જમીનના મૂલ્યાંકન માટે માર્કેટ રેટ કમિટીની રચના થશે

## જમીનના મૂલ્યાંકન માટે મૂલ્યાંકનકારોની સમિતીમાં જોડાવા માટે અરજીઓ મંગાવાઈ

## જિલ્લા કક્ષાએ ગામદીઠ માર્કેટ રેટ કમિટીમાં જોડાવા માટે ૧૦ સપ્ટે. સુધી અરજી કરવા અનુરોધ

અમરેલી:અમરેલી જિલ્લામાં ટ્રાન્સમિશન લાઈનથી અસરગ્રસ્ત જમીનના મૂલ્યાંકન માટે માર્કેટ રેટ કમિટીની રચના થશે. ગુજરાત સરકારના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના પરિપત્ર અન્વયે અમરેલી જિલ્લામાં પસાર થતી વિવિધ ટ્રાન્સમિશન લાઈનો હેઠળ જમીનનું મૂલ્યાંકન કરવા માટે અમરેલી જિલ્લામાંથી પસાર થતી વિવિધ ટ્રાન્સમીશન લાઇન અંતર્ગત ટ્રાન્સમીશન લાઇનો નાખતી વખતે રાઈટ ઓફ વે કોરિડોર અને ટાવરબેઝ આધારિત જમીન મૂલ્યાંકન ડિસ્ટ્રીક્ટ માર્કેટ રેટ કમિટીમાં જરૂરી પદ્ધતિઓ દ્વારા રાજ્યના ઈન્સોલવન્સી એન્ડ બેન્કરપ્સી બોર્ડ ઓફ ઈન્ડિયા- IBBI દ્વારા માન્યતા પ્રાપ્ત જમીન મૂલ્યાંકનકાર દ્વારા જ જમીનનું મૂલ્યાંકન કરવા માટે જરૂરી જોગવાઈ કરવામાં આવી છે.

જેના અંતર્ગત અમરેલી જિલ્લામાં જિલ્લા કક્ષાએ



માર્કેટ રેટ કમિટીમાં ગામદીઠ જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા એક (૦૧) , જમીન માલિકોના પ્રતિનિધિ દ્વારા એક (૦૧), ટ્રાન્સમિશન સર્વિસ પ્રોવાઈડરો દ્વારા એક (૦૧) એક એમ કુલ મળી-૦૩ ગામદીઠ મૂલ્યાંકનકારોની નિમણૂક કરવામાં આવનાર છે.

આ સમિતિ દ્વારા ટ્રાન્સમિશન લાઈન હેઠળના ઈઉ કોરિડોર તથા ટાવર આધારિત જમીન નુકસાનના વળતર બાબતે જમીનનું યોગ્ય મૂલ્યાંકન કરવામાં આવશે. આ પ્રક્રિયા માટે અમરેલી જિલ્લાના વિવિધ ટ્રાન્સમિશન લાઈનથી અસરગ્રસ્ત જમીન માલિકોના પ્રતિનિધિ તરીકે જોડાવા ઈચ્છુક અરજદારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે.

ઈચ્છુક અરજદારોએ પોતાનું નામ, સરનામું, સંપર્ક નંબર તથા અન્ય જરૂરી વિગતો સાથેની અરજી તા. ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધીમાં જિલ્લા કલેક્ટર કચેરી, જમીન શાખા ખાતે મોકલી આપવા અનુરોધ કરવામાં આવ્યો છે. અરજી સાથે સંબંધિત જરૂરી વિગતો રજૂ કરવાની રહેશે, તેમ જિલ્લા કલેક્ટરશ્રીએ અમરેલીએ એક યાદીમાં જણાવ્યું છે.

# ઊર્જા રાજ્યમંત્રીના હસ્તે લાલાવદર ખાતે રૂ. ૧૨ કરોડના ખર્ચે નિર્માણ થનાર ૬૬ કે.વી.સબસ્ટેશનનું ખાતમુહૂર્ત

અમરેલી:

અમરેલી તાલુકાના લાલાવદર મુકામે ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કંપની લિમિટેડ (જેટકો) દ્વારા રૂ. ૧૨ કરોડથી વધુના ખર્ચે નિર્માણ થનાર ૬૬ કે.વી. સબસ્ટેશનનું ઊર્જા રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે લાલાવદર-ચક્કરગઢ સી.સી રોડના બાકી રહેતા ભાગમાં આશરે રૂ. ૮૦ લાખના ખર્ચે નિર્માણ થનાર સુવિધા પથનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. મહાનુભાવોની ઉપસ્થિતિમાં વિધિવત્ ભૂમિપૂજન કરી મંત્રીશ્રીના હસ્તે નવા સ્ટેશનના ખાતમુહૂર્તની તકતીનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને



નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીના નેતૃત્વ હેઠળ અમરેલી વિધાનસભા મતવિસ્તારના ત્રણેય તાલુકામાં વિકાસકાર્યોને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. લાલાવદર ખાતે નિર્માણ થનાર ૬૬ કે.વી. સબસ્ટેશન કાર્યરત થતાં અમરેલી શહેર તેમજ અમરેલીના ગ્રામ્ય ખેતીવાડી વિસ્તાર ઉપરાંત લાલાવદર, સલડી, ગોઢાવદર, દુધાળા (બાઈ) અને કેરિયા-નાગસ સહિતના છ ગામોના આશરે ૨,૫૦૦ ગ્રાહકોને વધુ સાતત્યપૂર્ણ અને ગુણવત્તાસભર વીજપુરવઠો મળી રહેશે. નવા સબસ્ટેશનના કારણે લો-વોલ્ટેજ સહિતની વીજપુરવઠા સંબંધિત સમસ્યાઓમાં પણ ઘટાડો થશે.

# અમરેલી કલેક્ટર કચેરીમાં કરાર આધારિત કાયદા સલહકારની આવશ્યકતા: તા.૩૦ સપ્ટેમ્બર સુધીમાં અરજી કરવી

અમરેલી:

અમરેલી કલેક્ટર કચેરી ખાતે કાયદા સલાહકારની ૧૧ માસના કરાર આધારિત ૦૧ જગ્યા માટે લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારની આવશ્યકતા છે. લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા.૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સાંજે ૫.૦૦ કલાક સુધીમાં અરજીઓ કરવાની રહે છે. આ અરજીમાં ઉમેદવારનું નામ, જન્મ તારીખ, રહેણાંકનું સ્થળ (કાયમી/હંગામી), શૈક્ષણિક લાયકાત, અનુભવી વિગતો દર્શાવી અરજી કરવાની રહેશે. અરજદારની ઉંમર ૫૦ વર્ષથી વધુ હોવી જોઈએ નહી.

ઉમેદવારને કાયદાની (એલ.એલ.બી) ડીગ્રી અથવા કેન્દ્ર/ રાજ્ય સરકારનાં કાયદા દ્વારા સ્થપાયેલ માન્ય યુનિવર્સિટી દ્વારા એચ.એસ.સી. બાદ પાંચ વર્ષનો અભ્યાસક્રમ પાસ કર્યો હોવાની કાયદાની ડીગ્રી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન એક્ટ-૧૯૫૬ની કલમ-૩ દ્વારા સ્થાપવામાં આવેલી યુનિવર્સિટી ખાતે કાયદાની ડીગ્રી મેળવી હોય તે જરુરી છે. આ ઉપરાંત ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય નિયમો) -૧૯૬૭માં જણાવ્યા મુજબ કોમ્પ્યુટર ઉપયોગનું પાયાનું જ્ઞાન. ગુજરાતી અને /અથવા હિન્દી ભાષાનુ



પૂરતું જ્ઞાન હોવું આવશ્યક છે.

ઉમેદવાર હાઈકોર્ટ અથવા હાઈકોર્ટની તાબા હેઠળની કોર્ટમાં પ્રેક્ટીસ કરતા એડવોકેટ, એટર્ની અથવા સરકારી વકીલ તરીકેનો પાંચ વર્ષનો અનુભવ અથવા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા અથવા સરકાર કે તેની હસ્તકનાં બોર્ડ/ નિગમ અથવા કંપની કાયદા હેઠળ સ્થપાયેલ કંપનીમાં કાયદાકીય બાબતોનો પાંચ વર્ષનો અનુભવી હોવાં જરૂરી છે.

ઉક્ત અનુભવ અંગેના પ્રમાણપત્ર ઉમેદવારે જો હાઈકોર્ટમાં પ્રેક્ટિસ કરેલી હોય, તો રજીસ્ટ્રારશ્રી અથવા જો ઉમેદવાર હાઈકોર્ટની તાબા હેઠળની કોર્ટમાં પ્રેક્ટિસ કરતા હોય તો પ્રિન્સિપાલ જ્યુડીશિયલ ઓફિસર અથવા સબંધિત જિલ્લાના પ્રિન્સિપાલ ડિસ્ટ્રીક્ટ જજશ્રી કે સીટી સિવિલ કોર્ટના પ્રિન્સિપાલ જજશ્રી અથવા કંપની કાયદા/કંપની સરકાર હસ્તકનાં નિગમ, સ્થાનિક સ્વરાજયની સંસ્થાના કચેરીનાં વડા દ્વારા પ્રમાણિત કરેલા હોવા જોઈએ. ઉમેદવાર ગુજરાતીમાં બોલી, વાંચી અને લખી શકે તે અંગેનુ જ્ઞાન તથા ગુજરાતીમાંથી અંગ્રેજી અને અંગ્રેજીમાંથી ગુજરાતીમાં સરળતાથી ભાષાંતર કરી શકે તે મુજબનુ જ્ઞાન હોવુ જોઈએ. આ જ્ઞાન હોવા અંગેનુ ઉપર મુજબના અધિકારીશ્રીઓ દ્વારા ઈશ્યુ કરેલ પ્રમાણપત્ર બિડવાનુ રહેશે.

પસંદ થનાર ઉમેદવારને માસિક રૂ.૬૦,૦૦૦/-(અંકે રૂપીયા સાઈઠ હજાર પુરા) ફિક્સ. આ સિવાયની અન્ય બોલીઓ, શરતો, બજાવવાની સામાન્ય ફરજો અને જવાબદારીની વિગતો જિલ્લા કલેક્ટરશ્રીની કચેરીના નોટીસ બોર્ડ અથવા મહેકમ શાખામાં કચેરી સમય દરમિયાન રૂબરૂ જોઈ શકાશે. સબંધિત ઉમેદવારોને જ્યારે ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવે ત્યારે ઉમેદવારે અસલ ડોક્યુમેન્ટ સાથે લાવવાનાં રહેશે અને સ્વ ખર્ચે ઉપસ્થિત રહેવાનુ રહેશે.આ ભરતી બાબતે જરૂર જણાય લેખિત પરીક્ષા પણ લેવામાં આવશે. આ ભરતી માટે અધુરૂ વિગતવાળી તેમજ નિયત સમયમર્યાદા બાદ આવેલી અરજીઓ લેવામાં આવશે નહી તેમજ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીની એક યાદીમાં જણાવામાં આવ્યું છે.

# કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ અમરેલી દ્વારા મોણવેલમાં પ્રાકૃતિક ખેતી અંગે ૨૫૦ ખેડૂતો માટે તાલીમ યોજાઈ

## પ્રાકૃતિક ખેતી સ્વસ્થ જમીનથી સ્વસ્થ સમાજ અને ટકાઉ ભવિષ્ય તરફની દિશા : કુલપતિ યુનિવર્સિટી ઓફ નેચરલ ફાર્મિંગ

અમરેલી:ધારી તાલુકાના મોણવેલ ગામ ખાતે ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલ સંલગ્ન કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલી દ્વારા ખેડૂતો માટે પ્રાકૃતિક ખેતી વિષયક વિશેષ તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોણવેલ તથા આસપાસના વિસ્તારોના ૨૫૦થી વધુ ખેડૂતો ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

કાર્યક્રમના મુખ્ય અતિથિ ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલના કુલપતિશ્રી ડૉ. સી. કે. ટિંબડિયાએ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીનું તત્ત્વજ્ઞાન તથા તેના વૈજ્ઞાનિક આધાર અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. તેમણે વર્તમાન સમયમાં પ્રાકૃતિક ખેતીની આવશ્યકતા, રાસાયણિક અને પ્રાકૃતિક ખેતી વચ્ચેના તફાવત તેમજ જમીનની તંદુરસ્તી જાળવવામાં પ્રાકૃતિક ખેતીની ભૂમિકા સમજાવી હતી.

કુલપતિશ્રીએ જીવામૃત અને બીજામૃતના ઉપયોગથી જમીનમાં સૂક્ષ્મજીવોની સંખ્યા તથા જૈવિક સક્રિયતા વધે છે અને પાકને જરૂરી પોષક તત્ત્વો ઉપલબ્ધ થાય છે તેમ જણાવ્યું હતું. તેમણે પ્રાકૃતિક ખેતીમાં મિશ્ર પાક પદ્ધતિનું મહત્વ



સમજાવતા જીવાત-રોગ નિયંત્રણ તેમજ ખેડૂતોની આવકમાં સ્થિરતા લાવવામાં તેના ફાયદાઓ અંગે માહિતી આપી હતી. દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતીના મહત્વ પર ભાર મૂકતાં તેમણે દેશી ગાયના ગોબર અને ગૌમૂત્રમાંથી તૈયાર થતા પ્રાકૃતિક કૃષિ ઈનપુટ્સ જમીનની તંદુરસ્તી જાળવવામાં મહત્વપૂર્ણ હોવાનું જણાવ્યું હતું.આ પ્રસંગે સુડાવડ ગામના સરપંચ તથા પ્રગતિશીલ પ્રાકૃતિક ખેડૂત શ્રી પ્રવીણભાઈ આસોદરિયાએ પ્રાકૃતિક ખેતીના ઉત્પાદનોના વેચાણ અને બજાર વ્યવસ્થા અંગે ખેડૂતોને માર્ગદર્શન આપ્યું હતું. તેમણે પ્રાકૃતિક પેદાશોની ગુણવત્તા, ગ્રાહકો સુધી પહોંચ અને યોગ્ય બજાર વ્યવસ્થાના મહત્વ અંગે સમજણ આપી હતી.

કાર્યક્રમમાં મોણવેલ ગામના અગ્રણી શ્રી કનુભાઈ સુખડિયા, શ્રી ધનજીભાઈ ડાવરા તથા સરપંચશ્રી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવી સ્વસ્થ સમાજ તથા સ્વચ્છ અને સંતુલિત પર્યાવરણના નિર્માણમાં યોગદાન આપવા અપીલ કરી હતી.

તાલીમ કાર્યક્રમમાં કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલીના મદદનીશ પ્રાધ્યાપક ડૉ. કે. વી. મશાલિયા, રૂપાલી વઘાસીયા, ખેતી અધિકારી જાનવી પરમાર તથા માહિતી પ્રૌદ્યોગિકી નિષ્ણાત શ્રી કે. વી. ઠુંમર ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત શ્રી દલખાણિયા પગાર કેન્દ્ર શાળાના આચાર્યશ્રી હેમલભાઈ જયસ્વાલે કાર્યક્રમના આયોજનમાં સહયોગ આપ્યો હતો.

કાર્યક્રમના અંતે ખેડૂતો સાથે પ્રશ્નોત્તરી યોજાઈ હતી. જેમાં ઉપસ્થિત ખેડૂતો દ્વારા પ્રાકૃતિક ખેતીને લગતા વિવિધ પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા અને નિષ્ણાતો દ્વારા તેમના સંતોષકારક જવાબો આપવામાં આવ્યા હતા. તાલીમ કાર્યક્રમના સફળ આયોજન બદલ ખેડૂતો દ્વારા આયોજકોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનો સમાપન વંદે માતરમ્ના ગાન સાથે કરવામાં આવ્યું હતું તેમ આચાર્યશ્રી કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ,અમરેલીની એક યાદીમાં જણાવાયું છે.

# પીઠવાજાળ આયુષ્યમાન આરોગ્ય મંદિર ખાતે પૌષ્ટિક આહાર કીટ વિતરણ કરાયું

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

આયુષ્યમાન આરોગ્ય મંદિર પીઠવાજાળ ખાતે વિઝન ફોર વાઈલ્ડ લાઈફ ફાઉન્ડેશન અને આરોગ્ય મંદિરના સહયોગથી પરપ્રાંતીય મજુર વર્ગના સગર્ભા માતા ધાત્રી માતા પૌષ્ટિક આહાર કીટ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. રશ્મિકાંત જોશી, તાલુકા હેલ્થ ઓફિસર એસ.બી સતાણીના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમમાં ડો રમેશ ચૌહાણ દ્વારા વિઝન ફોર વાઈલ્ડ લાઈફની ખાસ ઉપસ્થિતિમાં પીઠવાજાળ વિઠ્ઠલપુર અને તરકતળાવના ૧૯ જેટલી પરપ્રાંતિય સગર્ભા માતા અને ધાત્રી માતાને એક માસ ચાલે તેટલું પોષણ કીટ વિતરણ કરવામાં આવ્યું હતડો રમેશભાઈ દ્વારા સમજાવવામાં આવ્યું હતું કે, વાડી વિસ્તારમાં રહેણાંક દરમિયાન વન્ય જીવથી સાવધાન અને સલામત કેમ રહેવું તેઓ માર્ગદર્શન આપવામાં આવ્યું



આ પ્રોગ્રામમાં ગામના સરપંચ તથા આગેવાન પણ ઉપસ્થિત રહેલા હતા. આગામી પૌષ્ટિક આહાર ૬ મહિના ચાલે તેટલું સગર્ભા અને ધાત્રી માતાને પૌષ્ટિક આહાર કીટ આપવામાં આવશે..

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડો. મિહિર મહેતા, ડો કિરણ મેડમ અને સુપરવાઈઝર ભગતભાઈનું દ્વારા માર્ગદર્શન મળેલ હતું. આ કાર્યક્રમ સફળ બનાવવા આયુષ્યમાન આરોગ્ય મંદિર પીઠવાજાળ ના જીનલબેન પ્રજાપતિ, ગીતાબેન વાઘમસી, આશા ભગવતીબેન મકવાણા, સલમાન તરકેસા, રમજુબેન વાળા, રીનાબેન વૈષ્ણવ, અને યોગેશ મકવાણા દ્વારા જહેમત ઉઠાવેલ હતી.

## ૮ સપ્ટેમ્બર : આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ

# રાજ્ય સરકારના 'શાળા પ્રવેશોત્સવ', 'ગુણોત્સવ' સહિતના અભિયાનો થકી છેવાડા સુધી વિસ્તર્યો શિક્ષણનો પ્રકાશ

અમરેલી: વિશ્વના દરેક નાગરિક માટે અક્ષર જ્ઞાન એ માત્ર પ્રાથમિક શિક્ષણ નથી, પરંતુ સમગ્ર જીવનને દિશા આપતો મૂળભૂત માનવ અધિકાર છે. સમાજમાં શિક્ષણનો વ્યાપ વધે અને સાક્ષરતાનું મહત્વ સમજાય, તેવા આશયથી દર વર્ષે ૦૮ સપ્ટેમ્બરે વિશ્વભરમાં 'આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ' ઉજવવામાં આવે છે. વર્ષ ૧૯૬૭થી પ્રારંભ થયેલી આ ઉજવણીનો મુખ્ય હેતુ જનતાને શિક્ષણ થકી આવતા સકારાત્મક બદલાવ પ્રત્યે જાગૃત કરવાનો છે. સાક્ષરતા થકી વ્યક્તિમાં કૌશલ્ય, સહિષ્ણુતા, કાયદા પ્રત્યે આદર અને નાગરિકત્વના મૂલ્યોનું સિંચન થાય છે.

વર્ષ ૨૦૨૬માં 'આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ' 'લોકો, પૃથ્વી અને સમૃદ્ધિ માટે સાક્ષરતા'ની થીમ સાથે ઉજવવામાં આવશે. આ દિવસ







ઉજવવાની ઘોષણા ૧૯૬૬માં યુનેસ્કોની સામાન્ય પરિષદ દરમિયાન કરવામાં આવી હતી. બદલાતા યુગની સાથે ઉદ્ભવતા નવા પડકારોને પહોંચી વળવા અને ભવિષ્યના શૈક્ષણિક એજન્ડાને સુદ્રઢ બનાવવા માટે સાક્ષરતાનું પ્રમાણ વધારવું જરૂરી છે. વિતેલા છ દાયકાઓમાં વૈશ્વિકસ્તરે સાક્ષરતાને શાંતિ, સુમેળ અને સતત વિકાસનું સૌથી શક્તિશાળી વાહક માનવામાં આવે છે.

ગુજરાત સરકાર રાજયમાં સાક્ષરતાનો દર ઊંચો લાવવા અને છેવાડાના નાગરિક સુધી શિક્ષણનો પ્રકાશ પહોંચાડવા માટે સતત પ્રયત્નશીલ રહી છે. બાળકોનું નામાંકન વધારવા માટે યોજાતો 'શાળા પ્રવેશોત્સવ' અને પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા માટેનો 'ગુણોત્સવ' જેવા રાજ્ય સરકારના શૈક્ષણિક અભિયાનો આ દિશામાં મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યા છે. દરેક વર્ગના બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ મળે તે માટે ડિજિટલ ક્લાસરૂમ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર અને વિવિધ શિષ્યવૃત્તિ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. આ ઉપરાંત, વયસ્કોમાં સાક્ષરતા વધારવા અને તેમને કૌશલ્યવર્ધક તાલીમ આપવા માટેના કાર્યક્રમો પણ રાજ્યભરમાં ચલાવવામાં આવી રહ્યા છે.

વાસ્તવમાં, સાક્ષરતા એ માત્ર અક્ષર ઓળખ કે વાંચતા-લખતા શીખવાની સીમિત પ્રક્રિયા નથી, પરંતુ તે જ્ઞાન અને સશક્તિકરણની એવી કૂંચી છે, જેનાથી સમગ્ર સમાજ ઉત્કૃષ્ટતા તરફ આગળ વધે છે. માનવ અધિકારોનું જતન, ભેદભાવરહિત સમાનતા અને સુમેળભર્યા સંબંધો બાંધવા માટે સાક્ષરતા અતિ આવશ્યક માધ્યમ છે. જ્યારે રાજ્યનો પ્રત્યેક નાગરિક સાક્ષર અને સક્ષમ બને છે, ત્યારે જ કોઈપણ દેશ સુદ્રઢ સમૃદ્ધિ અને પ્રગતિના શિખરો સર કરી શકે છે.

# ગીર ગઢડાના નાના સમઢીયાળાના પુલમાં ભંગાણ, તંત્ર નિષ્ક્રિય

કૈલેશ ભટ્ટ ઉના:

ગીર ગઢડા તાલુકાના નાના સમઢીયાળા ગામે આવેલા પુલમાં ભંગાણ પડ્યું છે. આ કારણે વાહનચાલકો અને સ્થાનિકોમાં ચિંતા ફેલાઈ છે. પુલની હાલત જોખમી હોવા છતાં હજુ સુધી તંત્ર દ્વારા તેની મરામત કે સમારકામ કરવામાં આવ્યું નથી.નાના સમઢીયાળા ગામનો આ પુલ સ્થાનિક લોકો માટે અવરજવરનો મુખ્ય રસ્તો છે. આ પુલ પરથી સરકારી જી બસો, લોડિંગ વાહનો, ખાનગી વાહનો અને સ્કૂલ બસોની સતત અવરજવર રહે છે. પુલમાં પડેલું ભંગાણ ગંભીર જોખમ ઊભું કરી રહ્યું છે.પુલ પર ભંગાણ દેખાઈ રહ્યું હોવા છતાં સંબંધિત વિભાગ દ્વારા તાત્કાલિક તપાસ કરીને



સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી નથી. આના કારણે સ્થાનિકોમાં ગુસ્સો જોવા મળી રહ્યો છે. લોકો સવાલ કરી રહ્યા છે કે જો પુલની સ્થિતિ વધુ ખરાબ થાય અને કોઈ અકસ્માત થાય તો તેની જવાબદારી કોની રહેશે.સ્થાનિકોનું કહેવું છે કે તંત્રએ મોટી દુર્ઘટના બને તેની રાહ જોવાને બદલે અગાઉથી જ સાવચેતીના પગલાં લેવા જોઈએ.

# અમરેલીને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે નગરપાલિકા દ્વારા ૧૦૦ દિવસનું વિશેષ સફાઈ અભિયાન

## પાલિકા દ્વારા ૫૦ સફાઈ કામદારો અને રોડ સ્વીપર મશીન દ્વારા સઘન સફાઈ ઝુંબેશ શરૂ

અમરેલી:પ્રાદેશિક કમિશનરશ્રી, નગરપાલિકાઓ, ભાવનગર ઝોન હેઠળની અમરેલી નગરપાલિકા દ્વારા '૧૦૦ દિવસ સફાઈ કેમ્પેન' અંતર્ગત શહેરમાં સ્વચ્છતા અને આરોગ્યપ્રદ વાતાવરણ જળવાઈ રહે તે માટે દૈનિક ધોરણે સઘન સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના માર્ગદર્શન હેઠળ Cleanliness Target Unit (CTU) તથા Visible Cleanlinessના લક્ષ્યાંકો સિદ્ધ કરવાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં સફાઈ કામગીરી કરવામાં આવી રહી છે. ખાસ કરીને વધુ અવરજવર ધરાવતા વ્યાપારી તથા બજાર વિસ્તારોમાં દિવસ દરમિયાન પણ સતત સફાઈ સુનિશ્ચિત કરવામાં આવી રહી છે, જેથી જાહેર સ્થળોએ કચરો એકત્રિત ન થાય.આ અભિયાન અંતર્ગત શહેરના મુખ્ય માર્ગો, બજાર વિસ્તારો તથા જાહેર સ્થળોની સફાઈ માટે આશરે ૫૦ જેટલા સફાઈ કર્મચારીઓ તથા રોડ સ્વીપર મશીનની મદદ લેવામાં આવી રહી છે. એકત્રિત કચરાનો યોગ્ય રીતે નિકાલ થાય તે માટે પણ જરૂરી કામગીરી હાથ ધરવામાં આવે છે.નગરપાલિકા તંત્ર દ્વારા Visible Cleanliness પર વિશેષ ભાર મૂકીને સફાઈ કામગીરીનું સતત નિરીક્ષણ કરવામાં આવે છે. કચરો એકત્ર થવાની સંભાવના ધરાવતા સ્થળોએ સમયસર સફાઈ કામગીરી હાથ ધરી શહેરની સ્વચ્છતા જાળવવામાં આવી રહી છે. '૧૦૦ દિવસ કેમ્પેન'ને સફળ બનાવવા નગરપાલિકા દ્વારા નગરજનોને જાહેર સ્થળોએ કચરો ન ફેંકી, નિયત સ્થળે જ કચરો આપવા તેમજ અમરેલી શહેરને સ્વચ્છ, સુંદર અને આરોગ્યપ્રદ બનાવવાની કામગીરીમાં નગરપાલિકાને સહયોગ આપવા અપીલ કરવામાં આવી છે.

જીલ્લા જળ અને સ્વચ્છતા એકમ
જીલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ
અમરેલી
WASMO WASMO

ઇ-ટેન્ડર નોટીસ નં. ૦૪/૨૦૨૬-૨૭ (છઠ્ઠો પ્રયત્ન)

યુનીટ મેનેજરશ્રી,જીલ્લા જળ અને સ્વચ્છતા એકમ વાસ્મો, બટુક સ્મૃતિ, દેનાબેંક સોસાયટી પાસે, ગોપી ટોકીઝ પાછળ અમરેલી, દ્વારા સુધારણા યોજના અંતર્ગત અમરેલી જીલ્લાના અમરેલી તાલુકાના નાના માચીયાળા ગામે ૧.૦૦ લાખ લીટર ક્ષમતાની ઉંચી ટાંકી તથા તેને આનુષાંગિક કામ રૂ.૨૧.૮૦ લાખ ટેન્ડર આઇ.ડી. ૩૪૨૫૬૩ (છઠ્ઠો પ્રયત્ન) થી માન્ય શ્રેણીના ઇજારદારો પાસેથી ઇ-ટેન્ડરીંગ પધ્ધતિથી માંગવામાં આવે છે. જે કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપરાંત ઇન્ટરનેટ વેબસાઇટ https://tender.nprocure.com ઉપર જોઇ શકાશે. ઓન લાઇન ટેન્ડર ભરવાની શરૂઆતની તા. ૧૪/૦૯/૨૦૨૬ તથા છેલ્લી તા. ૨૮/૦૯/૨૦૨૬ ૧૮.૦૦ કલાક સુધીની રહેશે, હવે પછીના સુધારા ફકત ઓનલાઇન કરવામાં આવશે. કોઇ એક અથવા બધા ટેન્ડરો કારણ આપ્યા સિવાય રદ કરવાની સત્તા સક્ષમ અધિકારીશ્રીને અબાધિત રહેશે.

# પાણીને લગતા કોઇપણ પ્રશ્નો કે સમસ્યા માટે પાણી પુરવઠા બોર્ડની ટોલ ફ્રી હેલ્પલાઇન નં.૧૯૧૬ નો સંપર્ક કરશો. #

જિમાક/અમર/૨૯૨/૨૭

ગુજરાત રાજ્ય
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
ના.કા.ઇ., ચેકડેમ મોજણી અને સંશોધન(પં) પેટાવિભાગ-સાવરકુંડલા
જાહેર નિવિદા નં.૦૧, સને.૨૦૨૬-૨૭

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતિ નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી, ચેકડેમ મોજણી અને સંશોધન(પં) પેટાવિભાગ, રેલ્વે સ્ટેશનની સામે, આરામગૃહ –સાવરકુંડલા, (૦૨૮૪૫) ૨૯૯૨૩૦ ધ્વારા ગુજરાત રાજ્ય, નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ તેમજ માર્ગ અને મકાન વિભાગના કોન્ટ્રાકટરની માન્ય યાદીની શ્રેણીમાં નોંધાયેલા કોંટ્રાકટરો પાસેથી કુલ ૧ કામ માટે ફકત રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી./સ્પીડ પોસ્ટ/કુરિયરથી સિલબંધ કવરમાં એસ.બી.ડી. ફોર્મમાં ટેન્ડર માંગવામાં આવે છે. જેની વિગતવાર માહિતી ઉપરોક્ત પેટા વિભાગીય કચેરી ખાતેથી મેળવવાની રહેશે.

| | |
|---|---|
| ૧) કોરા ટેન્ડર ઉપાડવાની આખરી તારીખ | ૨૫/૦૯/૨૦૨૬ |
| ૨) ભાવો ભરેલ ટેન્ડર પહોંચતા કરવાની આખરી તારીખ | ૨૮/૦૯/૨૦૨૬ |
| ૩) ટેન્ડર ખોલવાની તારીખ | ૨૯/૦૯/૨૦૨૬ |

સ્થળ :: નાયબ કાર્યપાલક ઇજનેરની કચેરી, ચેકડેમ મોજણી અને સંશોધન(પં) પેટાવિભાગ, રેલ્વે સ્ટેશનની સામે, આરામગૃહ –સાવરકુંડલા, (૦૨૮૪૫) ૨૯૯૨૩૦. જિમાક/અમર/૨૫૯/૨૫

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)

# ૧૦ ફૂટ ઊંડા પાળામાં પટકાયેલા ઘાયલ સિંહને વનવિભાગે જીવના જોખમે બચાવ્યો





## વાંગધ્રા ગામની સીમમાં ઈનફાઈટમાં ગંભીર રીતે ઘવાયેલા સિંહનું રેસ્ક્યૂ: પાંજરામાં ઘૂસીને વનકર્મીએ ગાળીયો નાખી સિંહને કાબૂમાં લીધો

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી: અમરેલી જિલ્લાના ગીર વિસ્તારના ખાંભા તાલુકામાં વન્ય પ્રાણીઓ અને માનવ વસાહતો વચ્ચે સતત બનતી ઘટનાઓ વચ્ચે વનવિભાગની ટીમે વધુ એક સાહસિક અને દિલધડક રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરી ઘાયલ સિંહનો જીવ બચાવ્યો છે. ખાંભા તાલુકાના વાંગધ્રા ગામની સીમ વિસ્તારમાં થોડા દિવસો અગાઉ અન્ય સિંહ સાથે થયેલી ઈનફાઈટમાં ગંભીર રીતે ઘાયલ થયેલો સિંહ ૧૦ ફૂટ જેટલા ઊંડા પાળામાં પટકાઈ ગયો હતો. સિંહની ગંભીર સ્થિતિની જાણ થતાં વનવિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી.

મળતી વિગતો મુજબ, ઈનફાઈટ દરમિયાન સિંહને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત હાલતમાં સિંહ વાંગધ્રા ગામની સીમમાં આવેલા અંદાજે ૧૦ ફૂટ ઊંડા પાળામાં પટકાઈ ગયો હતો. ઊંડા પાળામાં પડેલો સિંહ બહાર નીકળી શકે તેવી સ્થિતિમાં ન હતો. બીજી તરફ, ઘાયલ હોવા છતાં સિંહ અત્યંત જોખમી સ્થિતિમાં હોવાથી તેને બહાર કાઢવાનું ઓપરેશન પણ વનકર્મીઓ માટે પડકારજનક બન્યું હતું. વનવિભાગની ટીમે પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યા બાદ સિંહને સુરક્ષિત રીતે રેસ્ક્યૂ કરવાનો નિર્ણય લીધો હતો. રેસ્ક્યૂ ઓપરેશન દરમિયાન વનવિભાગના કર્મચારીઓએ ભારે સાવચેતી સાથે કામગીરી હાથ ધરી હતી. સિંહને સારવાર માટે પાંજરામાં પૂરવા માટે એક વનકર્મી વન્યપ્રાણી માટેના પાંજરામાં પ્રવેશ્યો હતો અને જોખમ વચ્ચે સિંહને ગાળીયો નાખીને કાબૂમાં લીધો હતો. આ સમગ્ર કામગીરી દરમિયાન વનકર્મીઓએ પોતાના જીવની પરવા કર્યા વિના ઘાયલ સિંહને બચાવવા માટે હિંમતપૂર્વક કામગીરી કરી હતી.

૧૦ ફૂટ જેટલા ઊંડા પાળામાંથી સિંહને બહાર કાઢવો સરળ ન હતો. સિંહની ગંભીર ઈજાઓને ધ્યાનમાં રાખીને કોઈપણ પ્રકારની બેદરકારી તેના માટે જીવલેણ સાબિત થઈ શકે તેમ હતી. જેના પગલે વનવિભાગના અધિકારીઓ અને કર્મચારીઓએ સંકલન સાથે રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધર્યું હતું. અંદાજે ૨૦ જેટલા વનકર્મીઓએ ભારે જહેમત ઉઠાવી સિંહને પાળામાંથી બહાર કાઢ્યો હતો અને ત્યારબાદ તેને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

રેસ્ક્યૂ બાદ ઘાયલ સિંહને વનવિભાગની દેખરેખ હેઠળ સારવાર આપવામાં આવી હતી. સિંહની સ્થિતિ ગંભીર હોવાને કારણે નિષ્ણાત તબીબોની દેખરેખ હેઠળ તેની સારવાર અને સતત મોનિટરિંગ કરવામાં આવ્યું હતું. આશરે ૧૦ દિવસ સુધી સારવાર આપ્યા બાદ સિંહની તબિયતમાં સુધારો થતાં તેને ફરીથી કુદરતી રહેઠાણ એવા જંગલ વિસ્તારમાં મુક્ત કરવામાં આવ્યો હતો. સિંહના રેસ્ક્યૂ ઓપરેશન દરમિયાન વનવિભાગના કર્મચારીઓએ દાખવેલી હિંમત અને સમયસરની કામગીરીને કારણે એક અમૂલ્ય વન્યજીવનો જીવ બચાવી શકાયો છે. ખાસ કરીને ગંભીર રીતે ઘવાયેલા અને ૧૦ ફૂટ ઊંડા પાળામાં પટકાયેલા સિંહને સુરક્ષિત રીતે બહાર કાઢી તેની સારવાર કરવી વનવિભાગ માટે પડકારજનક કામગીરી હતી.

આ સમગ્ર કામગીરીની રાજ્ય સરકારના વનમંત્રી અર્જુન મોઢવાડિયાએ પણ નોંધ લીધી હતી. વનમંત્રી દ્વારા સોશિયલ મીડિયા મારફતે વનવિભાગની કામગીરીને બિરદાવવામાં આવી હતી. ઘાયલ સિંહને સમયસર રેસ્ક્યૂ કરી સારવાર આપીને ફરી જંગલમાં મુક્ત કરવામાં આવતા વન્યજીવ સંરક્ષણ પ્રત્યે વનવિભાગની કામગીરીનું વધુ એક ઉદાહરણ સામે આવ્યું છે.

વાંગધ્રા ગામની સીમમાં થયેલા આ રેસ્ક્યૂ ઓપરેશનમાં એક તરફ ઘાયલ સિંહનો જીવ બચાવવાનો પડકાર હતો તો બીજી તરફ વનકર્મીઓ માટે પણ ગંભીર જોખમ હતું. તેમ છતાં અંદાજે ૨૦ જેટલા કર્મીઓની ટીમે સંકલિત રીતે કામગીરી કરી અને અંતે સિંહને ૧૦ દિવસની સારવાર બાદ ફરી જંગલમાં મુક્ત કરી સફળ રેસ્ક્યૂ ઓપરેશન પૂર્ણ કર્યું હતું.

# ગાગડિયા નદીમાં નાહવા પડેલા ૩૬ વર્ષીય ધર્મેશ મકાણીનું ડૂબી જવાથી મોત

## સાતમ-આઠમની રજાઓમાં સુરતથી વતન આવેલા યુવાન પર કાળનો કહેર !



(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:

સાતમ-આઠમની રજાઓમાં વતન આવેલા હરીપર ગામના ૩૬ વર્ષીય યુવાનનું લીલીયા તાલુકાના અંટાળિયા અને સાજણટીંબા ગામ વચ્ચે આવેલી ગાગડિયા નદીમાં ડૂબી જવાથી કરુણ મોત નીપજતાં પરિવારજનોમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. સુરતની ડાયમંડ કંપનીમાં નોકરી કરતા ધર્મેશ નરસિંહભાઈ મકાણી રજાઓમાં વતન આવ્યા હતા. અને મિત્ર સાથે બહાર નીકળ્યા હતા. દરમિયાન નદીમાં નાહવા પડતાં આ દુર્ઘટના સર્જાઈ હતી.

મળતી માહિતી મુજબ, હરીપર ગામના ધર્મેશ મકાણી સુરત ખાતે રામકૃષ્ણ ડાયમંડ કંપનીમાં નોકરી કરતા હતા. સાતમ-આઠમની રજાઓ હોવાથી તેઓ વતન આવ્યા હતા. દરમિયાન લીલીયા ખાતે એક પ્રસંગ માટે ભજીયાના મરચાં લેવા માટે તેઓ પોતાના મિત્ર સાથે નીકળ્યા હતા. અંટાળિયા અને સાજણટીંબા ગામ વચ્ચે પહોંચ્યા બાદ તેઓ ગાગડિયા નદીમાં નાહવા પડ્યા હતા.

નદીમાં નાહતી વખતે અચાનક ધર્મેશભાઈનો પગ કાદવ-કાંપમાં ખૂંપી ગયો હતો. જેના કારણે તેઓ ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. બનાવને પગલે આસપાસના લોકો દ્વારા તેમને બહાર કાઢવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા, પરંતુ પાણીમાં ડૂબી જવાથી તેમનું કરુણ મોત નીપજ્યું હતું.

ઘટનાની જાણ થતાં પરિવારજનો સહિત સ્થાનિક લોકોમાં દોડધામ મચી ગઈ હતી. મૃતદેહને સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. બનાવની જાણ થતાં જિલ્લા પંચાયત સદસ્ય જીગ્નેશ સાવજ, ડૉ. તોમર સહિત રાજકીય અને સામાજિક આગેવાનો સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા અને મકાણી પરિવારને સાંત્વના પાઠવી હતી.

ધર્મેશ મકાણી લીલીયા તાલુકા ભાજપના પૂર્વ મહામંત્રી વિનુભાઈ મકાણીના ભત્રીજા થતા હોવાનું જાણવા મળ્યું છે. રજાઓમાં પરિવાર સાથે સમય વિતાવવા વતન આવેલા યુવાનનું અચાનક મોત થતાં સમગ્ર પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. રજાઓના માહોલ વચ્ચે બનેલી આ દુઃખદ ઘટનાએ પરિવારજનો સહિત સમગ્ર પંથકને હચમચાવી દીધો છે.

# આંગણવાડીમાં કેળા-સીરો ખાધા બાદ બાળકને ઉલ્ટી

## ઉલ્ટીમાંથી જીવતી ઈયળ નીકળ્યાનો માતાપિતાનો આક્ષેપ, સંચાલકે કહ્યું - "આવું તો થયા કરે"

કૈલેશ ભટ્ટ ઉનાઃઉના તાલુકાના ઉટવાળા ગામે આવેલી આંગણવાડી કેન્દ્રમાં બાળકને નાસ્તો અપાયા બાદ તબિયત લથડ્યાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. બાળકની ઉલ્ટીમાંથી જીવતી ઈયળ નીકળ્યાનો તેના માતા-પિતાએ આક્ષેપ કરતાં સમગ્ર મામલો ચર્ચામાં આવ્યો છે. ઘટનાને પગલે બાળકને સારવાર માટે ઉના સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યું હતું.

બાળકની માતા મનીષાબેને કહ્યું, "મારો દીકરો આંગણવાડીમાંથી ઘરે આવ્યો અને તરત તેને ઉલ્ટી થઈ, ઉલ્ટીમાં જીવતી ઈયળું નીકળતા અમે તાત્કાલિક સરકારી દવાખાને બાળકને લઈ ગયા અને ત્યાંથી ઉના સરકારી દવાખાને લઈને આવ્યાં મળતી માહિતી મુજબ, બાળક સવારે નાસ્તો કર્યા વિના આંગણવાડી કેન્દ્રમાં ગયું હતું.



આંગણવાડીમાં તેને કેળા અને સીરો આપવામાં આવ્યા હતા. નાસ્તો કર્યા બાદ બાળકને ઉલ્ટી થવા લાગી હતી. પરિવારનો દાવો છે કે બાળકની ઉલ્ટીમાં જીવતી ઈયળ જોવા મળી હતી. આ ઘટનાને પગલે પરિવારજનોમાં ચિંતા ફેલાઈ હતી. બાળકની તબિયત બગડતાં માતા-પિતાએ આંગણવાડી કેન્દ્રના સંચાલકને ઘટનાની જાણ કરી હતી. બાળકની માતા મનીષાબેને કહ્યું કે સંચાલકે અમને એવો જવાબ આપ્યો કે "આવું થયા કરે." ત્યારબાદ પરિવારજનો સરપંચ પાસે પહોંચ્યા હતા. સરપંચે બાળકને તાત્કાલિક સારવાર માટે ઉના લઈ જવા જણાવ્યું હતું. જેથી પરિવાર બાળકને ઉના સરકારી હોસ્પિટલમાં લઈ ગયો હતો.આ અંગે આંગણવાડીની મુખ્યસેવિકા તેજલબેન પંચોલીએ જણાવ્યું હતું કે, તમામ બાળકોને એકસરખો નાસ્તો આપવામાં આવ્યો હતો.

તેમના જણાવ્યા મુજબ, બાળકની તબિયત આંગણવાડીમાં નહીં પરંતુ ઘરે ગયા બાદ બગડી હતી. મુખ્યસેવિકાએ વધુમાં જણાવ્યું કે તેઓ પોતે પણ ઉના સરકારી હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતા અને ડોક્ટર સાથે વાત કરી હતી. ડોક્ટરે બાળકની હાલત હાલ સારી હોવાનું જણાવ્યું હોવાનું તેમણે જણાવ્યુ હતુ

# મોંઘવારી વચ્ચે હીરાઘસુ રત્ન કલાકારોનો ભાવ વધારા માટે બુલંદ અવાજ

## રાજુલા પ્રાંત કલેક્ટરને મોટી સંખ્યામાં રત્ન કલાકારોએ આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી

અમરેલી: મોંઘવારી સતત વધી રહી છે ત્યારે પરિવારના ઘર ખર્ચના બે છેડા ભેગા કરવામાં મુશ્કેલીનો સામનો કરી રહેલા રાજુલાના રત્નકલાકારો હવે હીરા ઘસવાના ભાવ વધારાની માંગ સાથે આક્રમક બન્યા છે. રાજુલા શહેર અને પંથકના મોટી સંખ્યામાં હીરાઘસુ રત્નકલાકારો એકત્ર થઈ હીરાના ઘસવાના ભાવમાં વધારો કરવાની માંગ સાથે રાજુલા પ્રાંત કલેક્ટરને આવેદનપત્ર પાઠવી સરકાર સમક્ષ રજૂઆત કરી હતી.

રત્નકલાકારોના જણાવ્યા મુજબ છેલ્લા કેટલાક સમયથી જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. ઘરવપરાશની ચીજવસ્તુઓથી લઈને શિક્ષણ, આરોગ્ય, વીજળી સહિતના ખર્ચમાં વધારો થયો છે. બીજી તરફ હીરા ઘસવાના કામના ભાવમાં જરૂરી પ્રમાણમાં વધારો કરવામાં આવ્યો નથી. જેના કારણે રત્નકલાકારોને જૂના ભાવમાં જ કામ કરવું પડી રહ્યું છે અને વધતી મોંઘવારી વચ્ચે પરિવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બની રહ્યું છે.

રાજુલાના રત્નકલાકારોએ જણાવ્યું હતું કે હીરા ઉદ્યોગ સાથે વર્ષોથી મોટી સંખ્યામાં પરિવારો સંકળાયેલા છે. રત્નકલાકારો દિવસ-રાત મહેનત કરીને હીરા ઘસવાનું કામ કરે છે, પરંતુ મહેનતની સરખામણીએ મળતું વળતર પૂરતું ન હોવાથી આર્થિક મુશ્કેલીઓ વધી રહી છે. મોંઘવારીના પ્રમાણમાં હીરા ઘસવાના ભાવમાં વધારો કરવામાં આવે તેવી લાંબા સમયથી માંગ હોવા છતાં પ્રશ્નનું યોગ્ય નિરાકરણ આવ્યું નથી.

આ મુદ્દે રત્નકલાકારો મોટી સંખ્યામાં એકત્ર થયા હતા અને પ્રાંત કલેક્ટરને આવેદનપત્ર પાઠવી તેમની માંગણીઓ સરકાર સુધી પહોંચાડવા રજૂઆત કરી હતી. રત્નકલાકારોની મુખ્ય માંગ એ છે કે વર્તમાન મોંઘવારી અને જીવનનિર્વાહના ખર્ચને ધ્યાનમાં રાખીને હીરા ઘસવાના ભાવમાં યોગ્ય વધારો કરવામાં આવે, જેથી રત્નકલાકારોને તેમની મહેનતનું યોગ્ય વળતર મળી શકે અને તેઓ પોતાના પરિવારનું ગુજરાન સરળતાથી ચલાવી શકે. રત્નકલાકારોની આ રજૂઆતમાં કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો પણ જોડાયા હતા. કોંગ્રેસ દ્વારા પણ રત્નકલાકારોની માંગને યોગ્ય ગણાવી સરકાર સમક્ષ પ્રશ્ન ઉકેલવા રજૂઆત કરવામાં આવી હતી.





અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર

રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"
(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત સપ્ટેમ્બર-૨૦૨૬ માસના વિનામૂલ્યે અનાજ વિતરણની જાણકારી

| કોષ્ટક | ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|---|
| કોષ્ટક-૧ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ - ૧૮ જિલ્લાઓ અમદાવાદ, અમદાવાદશહેર, બોટાદ, દાહોદ, દેવભૂમિ-દ્વારકા, ગાંધીનગર, જામનગર, જૂનાગઢ, કચ્છ, મોરબી, નવસારી, પાટણ, પોરબંદર, રાજકોટ, સુરત, સુરેન્દ્રનગર, વલસાડ, વાવ-થરાદ માટેનું વિતરણ પ્રમાણ |
| | ૨ | | ચોખા | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | |
| | ૩ | | બાજરી | કાર્ડદીઠ ૫ કિ.ગ્રા | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૫ | | ચોખા | વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા. | |
| | ૬ | | બાજરી | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા | |
| કોષ્ટક-૨ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ - ૪ જિલ્લાઓ ભાવનગર, મહીસાગર, પંચમહાલ, વડોદરા માટેનું વિતરણ પ્રમાણ |
| | ૨ | | ચોખા | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | |
| | ૩ | | બાજરી/જુવાર/મકાઇ | કાર્ડદીઠ ૫ કિ.ગ્રા | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૫ | | ચોખા | વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા. | |
| | ૬ | | બાજરી/જુવાર/મકાઇ | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા | |
| કોષ્ટક-૩ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ - ૦૨ જિલ્લાઓ અમરેલી, ગીર સોમનાથ માટેનું વિતરણ પ્રમાણ |
| | ૨ | | ચોખા | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | |
| | ૩ | | બાજરી/જુવાર | કાર્ડદીઠ ૫ કિ.ગ્રા | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૫ | | ચોખા | વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા. | |
| | ૬ | | બાજરી/જુવાર | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા | |
| કોષ્ટક-૪ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ - ૧૧ જિલ્લાઓ આણંદ, અરવલ્લી, બનાસકાંઠા, ભરૂચ, છોટાઉદેપુર, ડાંગ, ખેડા, મહેસાણા, નર્મદા, સાબરકાંઠા, તાપી માટેનું વિતરણ પ્રમાણ |
| | ૨ | | ચોખા | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | |
| | ૩ | | મકાઇ/બાજરી | કાર્ડદીઠ ૫ કિ.ગ્રા | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૫ | | ચોખા | વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા. | |
| | ૬ | | મકાઇ/બાજરી | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા | |

સપ્ટેમ્બર -૨૦૨૬ માસમાં રાજ્ય સરકારની તુવેરદાળ, ચણા, ખાંડ અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./લિટર |
|---|---|---|---|---|
| ૧ | તુવેરદાળ | N.F.S.A કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | .૫૦ |
| ૨ | ચણા | N.F.S.A કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | .૩૦ |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૧ થી ૪ સભ્યો સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા | .૧૫ |
| | | | ૫ થી ૮ સભ્યો સુધી કાર્ડદીઠ ૨ કિ.ગ્રા | |
| | | | ૯ કે તેથી વધુ સભ્યો સુધી કાર્ડદીઠ ૩ કિ.ગ્રા | |
| | | બી.પી.એલ કુટુંબો | ૧ થી ૪ સભ્યો સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા | .૨૨ |
| | | | ૫ થી ૮ સભ્યો સુધી કાર્ડદીઠ ૨ કિ.ગ્રા | |
| | | | ૯ કે તેથી વધુ સભ્યો સુધી કાર્ડદીઠ ૩ કિ.ગ્રા | |
| ૪ | મીઠું | N.F.S.A કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | .૧ |

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ મળવાપાત્ર અનાજ એ ગરીબ પરિવારો માટે માત્ર રાશન નથી, પણ તેમના સન્માનજનક જીવનનો આધાર છે. જન-જનની અન્ન સુરક્ષા માટે આપણી સરકાર સંકલ્પબદ્ધ છે."
- હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

"આપના રાશન કાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઇલ એપ્લિકેશન Google Play Store પરથી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી."
- રમણભાઈ સોલંકી, મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઇન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.


# હાઈવે પર સાવજોની 'મિજબાની'થી વાહનોના પૈડાં થંભી ગયા!

## આંબરડી નજીક પાંચ-છ સિંહોએ મારણ કરી રસ્તા વચ્ચે જ માણી મિજબાની, વાહનચાલકોમાં સર્જાયો રોમાંચ



અમરેલી: અમરેલી જિલ્લામાં ગીરના સાવજોનો દબદબો યથાવત જોવા મળી રહ્યો છે. આજે વહેલી સવારે સાવરકુંડલા તાલુકાના આંબરડી ગામ નજીક સાવર કુંડલાથી રાજુલા તરફ જતા સ્ટેટ હાઈવે પર પાંચથી છ જેટલાં સિંહોના ટોળાએ શિકાર કરી રસ્તા પર જ મિજબાની માણતા વાહન ચાલકોમાં ભારે રોમાંચ સાથે થોડીવાર માટે ટ્રાફિક જામનો માહોલ સર્જાયો હતો.

મળતી માહિતી મુજબ, આંબરડી નજીક સ્ટેટ હાઈવે પર સિંહોના ટોળાએ એક મારણ કર્યું હતું. શિકાર બાદ સિંહો મારણની આસપાસ હાઈવે ઉપર બેસી મિજબાની માણી રહ્યા હતા. હાઈવે પર અચાનક સિંહોનું ટોળું જોવા મળતાં પસાર થતાં વાહનોના પૈડાં થંભી ગયા હતા. રસ્તાની વચ્ચે જ સિંહો મારણ કરી રહ્યા હોવાથી બંને તરફ વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી.

પાંચથી છ સિંહો હાઈવે રોડ ઉપર જ અડિંગો જમાવી બેઠા હોવાથી વાહન ચાલકોએ દૂરથી જ વાહનો રોકી દીધા હતા. કેટલાક વાહનચાલકોએ સિંહોને મારણ પરથી દૂર ખસેડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ સિંહો પોતાની મિજબાનીમાં મશગૂલ હોવાથી આવા પ્રયાસો નિરર્થક સાબિત થયા હતા.

આ ઘટનાની જાણ થતાં વનવિભાગની ટીમ પણ સ્થળ પર પહોંચી હતી. સિંહોની સુરક્ષા અને વાહન વ્યવહારને ધ્યાનમાં રાખીને વનવિભાગ દ્વારા મારણને રસ્તાની સાઈડમાં ખસેડવામાં આવ્યું હતું. ત્યારબાદ વાહનવ્યવહાર ફરીથી શરૂ કરવામાં આવ્યો હતો. સિંહો હાઈવે પર હોવાથી કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે વનવિભાગના કર્મચારીઓ દ્વારા આખી રાત ખડેપગે રહી સિંહોની અવરજવર અને સુરક્ષા પર નજર રાખવામાં આવી હતી.

આ દરમિયાન હાઈવે પર સિંહોના ટોળાએ શિકાર કરી મિજબાની માણી હોવાના અદભુત દૃશ્યો કોઈ વાહન ચાલક દ્વારા કેમેરામાં કેદ કરવામાં આવ્યા હતા. સિંહો મારણની આસપાસ બેઠેલા અને આસપાસ વાહનો થંભેલા હોવાના દૃશ્યોનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં વન્યજીવપ્રેમીઓમાં ભારે ચર્ચા જાગી છે.

અમરેલી જિલ્લામાં ખાસ કરીને સાવરકુંડલા સહિતના ગીરકાંઠાના વિસ્તારોમાં સિંહોની અવરજવર હવે સામાન્ય બની રહી છે. જંગલની બહાર પણ સિંહોના સતત આંટાફેરા જોવા મળતા હોવાથી હાઈવે પરથી પસાર થતા વાહનચાલકોએ રાત્રિના સમયે ખાસ સાવચેતી રાખવી જરૂરી બની છે. વનવિભાગ દ્વારા પણ સિંહોની અવરજવર ધરાવતા વિસ્તારોમાં સતત પેટ્રોલિંગ અને મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે.

# રાજુલાના હીંડોરણા ગામે જુગાર રમતા પાંચ ઈસમો ઝડપાયા

અમરેલી

અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતએ અમરેલી જીલ્લામાં જુગાર લગત ગેરકાયદેસર પ્રવૃતિ કરતાં, ઇસમો ઉપર સફળ રેઇડો કરી, કડક કાર્યવાહી કરવાં સુચના અને માર્ગદર્શન આપેલ હોય

જે અનુસંધાને રાજુલા પોલિસ સ્ટેશનના પોલિસ ઇન્સ. વી.એમ.કોલાદરાની સુચના અને માર્ગદર્શન નીચે રાજુલા પોલિસ સ્ટેશન સર્વેલન્સ સ્ટાફ તથા હીડોરણા બીટ પોલીસ ટીમે હીડોરણા ગામે મીરા દાતાર વિસ્તારમાં જાહેરમાં હાર જીતનો જુગાર રમતા હોવાની બાતમી મળતા રજુલાના હીડોરણાગામે રહેતા ભગતભાઇ દેવાભાઇ મકવાણા, ભેરાઇ રોડ મીરાનગરમાં રહેતા અશોકભાઇ બચુભાઇ બોસમીયા, લોઠપુર દરબાર શેરીમાં રહેતા કીશોરભાઇ બાબાભાઇ ધાખડા, હીડોરણા ધાર વિસ્તારમાં રહેતા માધાભાઇ કરશનભાઇ ગમારા તથા લોઠપુર સંધી વાસમાં રહેતા વિજયભાઇ કરશનભાઇ ચૌહાણ સહિત પાંચ ઈસમોને રોકડા રૂ.૩૩,૭૫૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી તેઓના વિરૂધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.



લાઠી પો.સ્ટે.ના પોલીસ ઇન્સ. એમ.બી.ઔસુરાને મળેલ બાતમીથી તેમની સુચના અને માર્ગદર્શન નીચે લાઠી પોલીસ ટીમ દ્વારા લાઠી જુના કોળીવાસ પાસે જાહેર જગ્યામાં પૈસા પાનાથી હાર-જીતનો જુગાર રમતા લાઠી ગામે રહેતા સજાદભાઈ સાહિલભાઇ સેતા, મુસ્તાકભાઈ મહમદભાઈ કુરેશી, રોનકભાઈ ભરતભાઇ બારૈયા તથા રાકેશભાઇ ગોરધનભાઇ રાઠોડ સહીત ચાર પતા પ્રેમીઓને રોકડા રૂા.૧૦,૭૩૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી મજકુર આરોપીઓ વિરૂધ્ધમાં લાઠી પોલિસ સ્ટેશનમાં જુગાર ધારાની કલમ હેઠળ ગુન્હો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી કરેલ છે.